# વિશ્વવિહાર

વર્ષ : 24 * અંક : 6 * માર્ચ 2022 * કિં. ₹ 15





ઇલોન મસ્ક

સેટેલાઇટ
ઇન્ટરનેટના
યુગનાં એંધાણ



જેફ બેઝોસ




વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે 'મળી માતૃભાષા મને ગૂજરાતી' કાર્યક્રમમાં
દીવાન-બલ્લુભાઈ પ્રાથમિક શાળા, કાંકરિયાનાં બાળકો તથા અન્ય મહાનુભાવો



'માતૃભાષાનો મહિમા' વિશે
ધીરુબહેન પટેલ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૫૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# નિકાસ દ્વારા વિકાસ

સાંપ્રત સમયમાં દરેક રાષ્ટ્રની સમૃદ્ધિમાં નિકાસક્ષેત્રની કમાણી ખૂબ મહત્ત્વની છે. ૧૯૯૦ના વર્ષમાં શરૂ થયેલાં ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ પહેલાં આંતરરાષ્ટ્રીય વેપારમાં ભારતનો હિસ્સો ૧ ટકાથી ઓછો હતો. આજે ૩૦ વર્ષમાં કૃષિ, ઔદ્યોગિક અને સેવાક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તેથી આપણાં અનેક ઉત્પાદનો સ્પર્ધાત્મક રીતે વેચી શકાશે તેવી સ્થિતિ છે. આજે આંતરરાષ્ટ્રીય વેપારક્ષેત્રે આપણે ૨.૫ ટકા સુધી પહોંચી શક્યા છીએ. છેલ્લાં થોડાં વર્ષોમાં આપણી નિકાસનો વૃદ્ધિદર કાં તો સ્થિર હતો અથવા ઘટ્યો પણ હતો. વિદેશ વ્યાપારમાં ચીન, અમેરિકા, જર્મની, જાપાન, ઇંગ્લૅન્ડ, ફ્રાંસ, નેધરલૅન્ડ, હૉંગકૉંગ, સાઉથ કોરિયા, સિંગાપોર અને આયરલૅન્ડ પછી ભારતનો ક્રમ (૧૩મા સ્થાને) આવે છે. આપણા કુલ ઘરેલુ ઉત્પાદનના ૧૮.૭ ટકા આયાત-નિકાસમાંથી આવે છે તેવો વિશ્વબૅંકનો અંદાજ છે (વર્ષ ૨૦૨૦ માટે) ચીનની તુલનામાં આપણે તેની નિકાસની સરખામણીમાં ખૂબ પાછળ છીએ. આપણા વિકાસ માટે આજે નિકાસ વધારવાનો વિકલ્પ જ સૌથી કારગત નીવડે તેવી સ્થિતિ છે.

વર્ષ ૨૦૧૫-૧૬માં વિદેશ વ્યાપાર નીતિના બે મુખ્ય ઉદ્દેશો હતા : (૧) ઈ. સ. ૨૦૨૦ સુધીમાં નિકાસનું પ્રમાણ વધારી આંતરરાષ્ટ્રીય વેપારમાં ભારતનો હિસ્સો બમણો કરવો, (૨) નિકાસ થકી ઔદ્યોગિક અને સેવાક્ષેત્રને સુદૃઢ કરીને આર્થિક વિકાસ અને રોજગારી માટે લાંબા ગાળાની તકોનું નિર્માણ કરવું. જોકે નિકાસના વર્ષવાર આંકડાઓ તપાસીએ તો આપણી સમક્ષ એક મિશ્ર ચિત્ર રજૂ થાય છે. ભારતની નિકાસ વર્ષ ૨૦૧૭માં યુ.એસ. ડૉલર ૪૯૮.૨૬ અબજની હતી, જે વર્ષ ૨૦૧૬ કરતાં ૧૩.૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ૨૦૧૮ની ભારતની નિકાસ યુ.એસ. ડૉલર ૫૩૮.૪૬ અબજ હતી, જે ૨૦૧૭ કરતાં ૮.૧ ટકો વધારે હતી. ૨૦૧૯ની નિકાસ યુ.એસ. ડૉલર ૫૨૯.૦૨ અબજ હતી, જે ૧૦.૩૭ ટકાનો ઘટાડો દર્શાવે છે. ૨૦૨૦ અને ૨૦૨૧માં કોરોનાના કહેરના કારણે સમગ્ર વિશ્વમાં આર્થિક અફરાતફરી હતી, ત્યારે ભારત સરકારે નવી વ્યાપાર નીતિને બદલે ટૂંકા ગાળામાં નિકાસવૃદ્ધિ માટે અસરકારક પગલાંઓ લેવાનો નિર્ણય કર્યો હતો. ૨૦૨૧નું વર્ષ પણ નિકાસમાં નિરાશાજનક હતું. કોરોના બાદ વિદેશી વ્યાપાર પુનઃ કાર્યરત થતાં ૨૦૨૧-૨૨ (એપ્રિલથી માર્ચ) દરમિયાન આપણો દેશ નિકાસના યુ.એસ. ડૉલર ૬૫૦ અબજના લક્ષ્યાંકને હાંસલ કરશે તેવી શ્રદ્ધા દૃઢ બની છે. ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષમાં નિકાસમાં નોંધપાત્ર વધારો થતાં નિકાસ દ્વારા વિકાસ ઝડપી બનાવવાની ઇચ્છા સાકાર થાય તેવી સંભાવના છે.

ભારતની આયાત-નિકાસની સ્થિતિનો વિચાર કરીએ તો આપણા વિદેશી વ્યાપારમાં પાંચ દેશો મુખ્ય ભાગીદાર છે. ૧. ચીન, ૨. અમેરિકા, ૩. યુનાઇટેડ આરબ

એમિરેટ્સ, ૪. સાઉદી અરેબિયા અને ૫. ઈરાક. આ પાંચ દેશોમાં જ ભારતની નિકાસના ૪૦ ટકા જેટલી નિકાસ થાય છે. યુરોપના દેશો, એશિયાના દૂરપૂર્વના દેશો અને આફ્રિકા સાથે વ્યાપાર વધારવાનો ખૂબ મોટો અવકાશ છે. કમનસીબે આપણી વ્યાપારનીતિ અન્ય દેશોની સરખામણીમાં ઢીલી અને સંકુચિત છે. જોકે છેલ્લા એક વર્ષમાં ભારત સરકારે નિકાસક્ષેત્રે નેત્રદીપક કામગીરી કરી છે. ૨૦૧૫-૧૬ની નીતિ હેઠળ ૨૦૨૦માં યુ.એસ. ડૉલર ૮૫૦ અબજના નિકાસમૂલ્યના લક્ષ્યાંક સામે માર્ચ ૨૦૨૨ના અંતે ૨૦૨૧-૨૨ના વર્ષ દરમિયાન યુ.એસ. ડૉલર ૬૫૦ અબજના આંકને સ્પર્શી આગામી નાણાકીય વર્ષમાં ૨૦૨૨-૨૩માં ૮૫૦ અબજ યુ.એસ. ડૉલરની નિકાસ કરી શકીએ તો આપણો વિકાસ દર ૯ ટકા કરતાં પણ વધે તેમ છે.

ભારતમાંથી થતી નિકાસમાં પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ, હીરા-ઝવેરાત, એન્જિનિયરિંગ ગુડ્ઝ, રસાયણો, દવાઓ, ઈલેક્ટ્રૉનિક માલસામાન, રૂ, સૂતર, કાપડ અને તૈયાર કપડાંની નિકાસ મુખ્ય છે. પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ અને હીરા-ઝવેરાતમાં કાચા માલ માટે આપણે આયાત પર નિર્ભર છીએ. રસાયણ-દવામાં આપણું આંશિક અવલંબન છે. અન્ય ક્ષેત્રોમાં આપણે પ્રમાણમાં આત્મનિર્ભર છીએ. સેવાક્ષેત્રમાં સૉફ્ટવૅરની નિકાસ આપણા માટે આવક અને રોજગારી વધારવાનો મુખ્ય સ્રોત છે. બૅંગાલુરુ, પુણે, હૈદરાબાદ, ચેન્નાઈ, મુંબઈ અને અમદાવાદમાં આ માટે સારી સુવિધાઓ ઉપલબ્ધ છે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| નિકાસ દ્વારા વિકાસ | ૩ | પ્રવીણ ક. લહેરી |
| સૂર-સમ્રાજ્ઞી લતા મંગેશકર હવે ફક્ત ધ્વનિ-મુદ્રણ સ્વરૂપે | ૭ | અભિજિત વ્યાસ |
| હોળિકાની ચૂંદડી | ૧૦ | ચિંતન ભટ્ટ |
| સ્ક્વૉમિશ જીવનમાંથી પસાર થતો સાંસ્કૃતિક પ્રવાસ | ૧૨ | ભારતી રાણે |
| ચૈતન્યવિકાસની અનંત શક્યતાનો આલેખ | ૧૫ | કુમારપાળ દેસાઈ |
| આર્કટિક પર તોળાતું જોખમ | ૧૭ | પૂર્વી દેસાઈ |
| સેટેલાઇટ ઇન્ટરનેટ માટે ઉદ્યોગપતિઓની તીવ્ર સ્પર્ધા | ૧૯ | હર્ષ મેસવાણિયા |
| અમીન શેખનાં સ્વપ્નાં | ૨૨ | પ્રીતિ શાહ |
| બદલાતાં રહેતાં પગરખાંની કથા | ૨૪ | રતિલાલ બોરીસાગર |
| પંચામૃતનો પારાવાર | ૨૯ | દીપક મહેતા |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૩૧ | સંકલન : ભદ્રાયુ વછરાજાની |
| વિશ્વકોશવૃત્ત | ૩૪ | – |

વર્ષ ૨૦૨૨-૨૩ના ભારત સરકારના બજેટમાં આંતરમાળખાકીય સુવિધાઓ સુદૃઢ કરવા જે જંગી જોગવાઈઓ કરવામાં આવી છે તેના કારણે નિકાસકારોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે લાભ થશે.

આ ઉપરાંત નિકાસલક્ષી અનેક સમસ્યાઓના નિરાકરણ માટે ભારત સરકારે ઝડપી નિર્ણયો લેવાની શરૂઆત કરી છે. નિકાસકારોને રિફંડની બાકી રકમ ચૂકવીને તેમની નાણાકીય તરલતા સુધારી છે. નિકાસની વૃદ્ધિ સાથે કન્ટેઇનરોની અછત, શીપિંગના ખર્ચમાં થયેલો ધરખમ વધારો અને સ્થાનિક મોંઘવારી મોટાં અંતરાયરૂપ પરિબળો છે. હાલની નિકાસવૃદ્ધિમાં વિદેશોમાં કોરોનાગ્રસ્ત અર્થતંત્રને ચેતનવંતાં કરવા માટે જે પ્રોત્સાહનો આપ્યાં છે તે કારણ ખૂબ લાભદાયી છે. આ પ્રોત્સાહનો બંધ થયા બાદ પણ નિકાસમાં વધારો કરવાનો પડકાર રહે છે. વર્તમાન સ્થિતિમાં નિકાસકારોની અપેક્ષાઓ છે તે પરિપૂર્ણ થાય તો આપણે નિકાસના લક્ષ્યાંકોને નવી ઊંચાઈએ લઈ જઈ શકીશું.

સૌપ્રથમ તો માલસામાનનો ઉત્પાદન ખર્ચ ન વધે અને કાચા માલ પર બિનજરૂરી કરભારણ ન આવે તેની અસરકારક વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે. બીજું અનેક દેશોની નાની નાની જરૂરિયાતોની માહિતી એકત્ર કરી તે બજારમાં માલસામાન વેચવા માટે પ્રદર્શનો, ઑનલાઇન ઍપ્લિકેશનો, જાહેરાતો, તાલીમબદ્ધ વેચાણ, નિષ્ણાતોના પ્રવાસો અને એલચી કચેરીઓની સજાગતા અને સહયોગ નિકાસવૃદ્ધિમાં ઉપકારક સાબિત થાય તેમ છે.

આ ઉપરાંત નિકાસ માટે અલગ ઉત્પાદન ઝોન – ખાસ કરીને બંદરો અને ઍરપૉર્ટ પાસે સ્થાપીને સસ્તું, ટકાઉ અને ગુણવત્તાવાળું ઉત્પાદન આપણને ચીનની સ્પર્ધા કરવામાં સક્ષમ બનાવશે. ભારત માટે કપડાં, કારીગરોની વસ્તુઓ, દવાઓ, પ્લાસ્ટિક અને રસાયણક્ષેત્રે ખૂબ સારી સ્થિતિ છે. આ વસ્તુઓનાં ડિઝાઇન, પૅકેજિંગ અને વેચાણબાદની કાળજી અંગે જે વ્યવસ્થા છે તેમાં સુધારણાની તાતી જરૂર છે.

નિકાસ-વૃદ્ધિ માટે સંશોધન, કૌશલ્યનિર્માણ, નવીનીકરણ અને અસરકારક જાહેરાત અને વેચાણવ્યવસ્થા માટે સતત કાળજી કરવાની જરૂર છે. ગુણવત્તા એ નિકાસની પૂર્વશરત છે. સૉફ્ટવૅર ક્ષેત્રે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને રોબૉટિકનું મહત્ત્વ વધી રહ્યું છે. આપણી પાસે બુદ્ધિ-કૌશલ્ય છે, પરંતુ તેનો પૂર્ણ ઉપયોગ થઈ શકતો નથી. ભવિષ્યમાં નિકાસમાં સ્પર્ધાત્મક રહેવા માટે ઉચ્ચ ટૅક્નૉલૉજીની ભૂમિકા મહત્ત્વની રહેશે તેથી તે ક્ષેત્રમાં નવો જ એકશન પ્લાન બનાવીને ભાવિ તકોને સમયસર ઝડપી લેવાનો પ્રશ્ન અગત્યનો છે. ગુજરાત સરકારે તાજેતરમાં નવી ઇન્ફરમેશન ટૅક્નૉલૉજી પૉલિસી (આઈ.ટી.પૉલિસી ૨૦૨૨) જાહેર કરી તે સાચી દિશામાં લીધેલું મહત્ત્વનું પગલું છે.

આપણા ઔદ્યોગિક સાહસિકોએ વણખેડેલા પ્રદેશો ખેડીને સમગ્ર વિશ્વમાં 'મેઇડ ઇન ઇન્ડિયા'નાં ઉત્પાદનો કેમ પહોંચે તેની રૂપરેખા તૈયાર કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારો સાથે સંકલન કરીને ખૂબ ઝડપથી આગળ વધવાની જરૂર છે.

કોરોનાના પ્રતિકાર માટે ભારતે લગભગ આત્મનિર્ભર રહીને જે રીતે રસી તૈયાર કરી, દવાઓનું ઉત્પાદન કરી તેની નિકાસ અનેક દેશોમાં કરી તેનાથી આપણો આત્મવિશ્વાસ મજબૂત બન્યો છે. દૃઢ સંકલ્પ, અવિરત પરિશ્રમ અને ચતુરતા સાથે વિદેશ વ્યાપાર વધારવા માટે આપણે ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ચીને જે ૩૦-૪૦ વર્ષોમાં હાંસલ કર્યું છે તે ૧૦ વર્ષમાં કરી શકવાની ભારતની ક્ષમતા છે. નિકાસ-ક્ષેત્ર માટે આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ કે તેમાં અમાપ-અમર્યાદ શક્યતાઓ છે. આ શક્યતાઓને વાસ્તવિક બનાવવા માટે સુગ્રથિત નીતિઓ, ઉત્તમ સંકલન, અરસપરસનો સહયોગ અને આત્મવિશ્વાસની જરૂરિયાત છે. આપણે ૨૦૨૫ના વર્ષમાં જો એક ટ્રિલિયન યુ.એસ. ડૉલર સુધી નિકાસ કરી શકીએ તો આપણા અર્થતંત્ર માટે સોનાનો સૂર્યોદય થશે.

**– પ્રવીણ ક. લહેરી**

---

## 'વિશ્વવિહાર'ની માહિતી અંગે નિવેદન (ફૉર્મ ૪)

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિસ્થાન | : અમદાવાદ |
| ૨. | પ્રસિદ્ધિનો ગાળો | : માસિક |
| ૩-૪. | પ્રકાશક-મુદ્રક | : કુમારપાળ દેસાઈ (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |
| ૫. | તંત્રી | : કુમારપાળ દેસાઈ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |
| ૬. | માલિકનું નામ-સરનામું | : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ |

**૧ માર્ચ, ૨૦૨૨** **કુમારપાળ દેસાઈ (પ્રકાશક)**

---

## વિદુષી દક્ષાબહેન પટ્ટણીની સ્મૃતિમાં
## વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત નિબંધસ્પર્ધા

વિદુષી દક્ષાબહેન પટ્ટણીની સ્મૃતિમાં વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત નિબંધસ્પર્ધામાં નિબંધ મોકલવાની છેલ્લી તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૨ હતી તે હવે વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈને ૩૦ એપ્રિલ, ૨૦૨૨ રાખવામાં આવી છે.

# સૂર-સમ્રાજ્ઞી લતા મંગેશકર હવે ફક્ત ધ્વનિ-મુદ્રણ સ્વરૂપે

ધ્વનિને મુદ્રણ કરવાની વૈજ્ઞાનિક શોધને કારણે જ આપણે આજ લતા મંગેશકર જેવી સ્વર-સમ્રાજ્ઞીના કંઠને સાચવી શક્યા છીએ. અન્યથા આ છ ફેબ્રુઆરીના રોજ એમના થયેલા અવસાનની સાથે જ તેઓ તાનસેનની જેમ માત્ર દંતકથા જ થઈ જાત.



લતા મંગેશકર

લતાજીની વિદાયને કારણે આ દિવસોમાં અનેક લોકોએ અનેક વાતો લખી છે. પ્રિન્ટ અને સોશિયલ મીડિયા તો આ બધાથી ઊભરાઈ રહ્યું છે, ત્યારે એ બધાથી કંઈક જુદી રીતે લખવાની ઇચ્છા થાય છે.

સિનેમાના પાર્શ્વગાયનક્ષેત્રે લતા મંગેશકર જેવી ગાયિકાનું આગમન નહોતું થયું ત્યારે શમશાદ બેગમ, અમીરબાઈ કર્ણાટકી, રાજકુમારી, નૂરજહાં, કાનનદેવી વગેરે અનેક જુદી જુદી ગાયિકાઓનો અવાજ સાંભળવા મળતો હતો. આ પછી લતા મંગેશકરનું આગમન થયું. ફિલ્મજગતમાં લતા મંગેશકરનો પ્રવેશ પહેલાં એક અભિનેત્રી તરીકે થયો હતો. પણ ગાયિકા તરીકે એને સફળતા મળતાં અભિનયનું કાર્ય છોડી દીધું. પ્રારંભનાં વર્ષો બાદ લતા મંગેશકર સેટ થઈ ગયાં તેમ તેમ આ બધી ગાયિકાઓ જૂની થતાં કેટલાંય વર્ષો સુધી લતા મંગેશકરનું જ એકચક્રી શાસન ચાલ્યું. બીજા અવાજો (સુમન કલ્યાણપુર) હોવા છતાં ભાગ્યે જ કોઈ સાંભળવા મળતા. આ પરિસ્થિતિ અનેક વર્ષો રહ્યા બાદ આઠમા દાયકા બાદ તેમાં બદલાવ આવવો શરૂ થયો હતો.

ભારતીય ફિલ્મસંગીતને તેનો ચિરસ્મરણીય અવાજ લતા મંગેશકર દ્વારા મળ્યો. અનેક ગાયક અને ગાયિકાઓમાં લતા મંગેશકર પાર્શ્વગાયનમાં મોખરે રહ્યાં; એટલું જ નહીં, તે બધા સંગીતકારો અને શ્રોતાઓનાં માનીતાં ગાયિકા પણ બન્યાં. પ્રત્યેક સમયે લતાએ શ્રેષ્ઠતમ ગીતો આપ્યાં છે જે શાસ્ત્રીય સંગીત તથા હળવા સંગીતના પ્રકારોમાં અવર્ણનીય છે. લતા ઉપરાંત મંગેશકર કુટુંબની અન્ય બહેનો પાર્શ્વગાયનના ક્ષેત્રે આવી, જેમાં લતા પછી બીજા નંબરે બિરાજમાન એની બહેન આશા ભૉસલેનું નામ યાદ આવે (ઉષા મંગેશકરે જૂજ ગીતો ગાયાં છે). અલબત્ત આ બંનેના અવાજમાં ઘણો તફાવત છે. આ બંને બહેનોના આગમનને યાદ કરતાં પ્રખ્યાત સંગીત-દિગ્દર્શક અનિલ વિશ્વાસે એક વખત કહેલું કે, ‘આશાના અવાજને શરીર છે, તો લતાના અવાજને આત્મા. જે દિવસોમાં અમને સંગીત-દિગ્દર્શકોને નસીમબાનુ જેવી ગાયિકા પાસે પણ ગવડાવવું પડતું હતું, તે દિવસોમાં લતા આ ક્ષેત્રમાં આવી અને અમને દેવદૂત આવ્યા જેવું લાગ્યું. ચિત્રપટ-સંગીતમાં બનેલો લતા એ સૌથી ઉત્તમ અકસ્માત છે.’

અનિલ વિશ્વાસ જેવો જ અભિપ્રાય લગભગ બીજા તમામ સંગીત-દિગ્દર્શકોનો રહ્યો છે અને પ્રત્યેક સંગીતકારે એની બંદિશનું શ્રેષ્ઠ ગીત લતા મંગેશકર પાસે ગવડાવવાનો આગ્રહ રાખ્યો છે કે ગવડાવ્યું છે.

લતા મંગેશકરનાં શ્રેષ્ઠ ગીતોની સૂચિ લાંબી અને સરસ થઈ શકે તેમ છે છતાં આ મધુર કોકિલકંઠી ગાયિકાએ પોતાનાં શ્રેષ્ઠ ગીતોની પસંદગી કરવામાં હંમેશ અપરિપક્વતા દેખાડી છે એ ન સમજાય એવી અસાધારણ વાત છે. જેમ કે, લતાને જ્યારે પૂછવામાં આવતું કે આપનું શ્રેષ્ઠ ગીત કયું તો એક એવો ઉડાઉ જવાબ આપે છે કે 'આયેગા આનેવાલા' (ફિલ્મ : મહલ) પણ આ ગીત બંદિશની નજાકતની દૃષ્ટિએ કે ગાયકીની દૃષ્ટિએ એમ કોઈ જ રીતે પ્રશંસાત્મક નથી. આથી વધુ સારાં ગીતો લતાએ ગાયાં જ છે. જાણીતા મરાઠી લેખક શિરીષ કણેકરે પણ નોંધ્યું છે કે, 'પોતાને ગમતાં ગીતો પસંદ કરતી વખતે લતાએ બહુ વિચાર કર્યો નથી. તરત સૂઝ્યાં તે ગીતો આપી દીધાં. લતા આવી બેદરકારી કેમ દેખાડે ? તેમની પસંદગી જાણવા માટે ઉત્સુક હોય એવા લાખો રસિકોને આમ છેતરવાનું તેઓ શું કામ કરે ? પોતાનો થોડો સમય આપીને, મહેનત કરીને તેમણે પોતાની યાદી તૈયાર ન કરવી જોઈએ ? ગીત પસંદ કરવાની લતાની ઉપરછલ્લી રીતને લીધે કુશળ સંગીતકારોની એક પણ રચનાનો નંબર નથી લાગ્યો.' લતા મંગેશકરની આ ઉપરછલ્લી રસમનો અનુભવ શ્રોતાઓને લતાએ ગાઈને પ્રગટ કરેલી શ્રદ્ધાંજલિની કૅસેટોમાં પણ થશે. આ કૅસેટોમાં મૃત ગાયકોને અંજલિરૂપ તેઓનાં લતાએ ગાયેલાં ગીતો છે. તે ખૂબ સારી રીતે ગવાયેલાં હોવા છતાં જે બધાં ગીતો પસંદ થયાં છે તે બધાં તે પુરુષગાયકોનાં શ્રેષ્ઠ નથી જ. એટલે લતાએ આ ગીતો કેમ પસંદ કર્યાં છે એવો પ્રશ્ન પણ રહે. અહીં શિરીષ કણેકરનું અન્ય એક નિરીક્ષણ નોંધનીય છે, 'જે ગીતો લતાએ ગાયાં છે અને કોઈક ગાયકોએ પણ ગાયાં છે એવાં 'દો પહેલું વાલે' ગીત ધ્યાનમાં લઈએ તો એક બાબત બહુ સ્પષ્ટપણે દેખાઈ આવે છે કે બધાં ગીતોમાં પુરુષગાયકોએ લતાને માત કરેલી જણાય છે; એટલું જ નહીં, પણ દરેક ગીત લતા કરતાં વધારે પ્રભાવશીલ અને લોકપ્રિય રહ્યું છે. લતા ક્યાંય ઊણી ઊતરતી ન હોવા છતાં આમ કેમ બને ? કદાચ લતા પાસે આ પ્રશ્નોનો સંતોષકારક જવાબ હશે.'

લતા મંગેશકરે પોતે પણ કેટલીક મરાઠી ફિલ્મોમાં 'આનંદઘન'ના ઉપનામથી પાર્શ્વસંગીત આપેલું છે. આવી ફિલ્મોમાં 'સાધી મનસા' કે 'થામ્બડી માટી' અને બીજી ફિલ્મોનું લતાએ આપેલું પાર્શ્વસંગીત અને ગીતો વખણાયેલાં પણ છે. પણ આ જ લતાને હિન્દી ફિલ્મ પાર્શ્વસંગીતને માટે કે ગીતના સ્વરનિયોજન માટે ન મળી. સાતમા દાયકામાં જ્યારે લતાએ એવી ફરિયાદ કરવી શરૂ કરી કે સંગીતનું ધોરણ ઘણું જ કથળી ગયું છે ત્યારે પણ તેણે કોઈ ઉત્તમ ગીતનું સ્વરનિયોજન કરીને ન બતાવી આપ્યું કે ગીતોનું ધોરણ કેવું જળવાવું જોઈએ. લતાએ ગાયેલાં ગેરફિલ્મી ગીતો જેવાં કે મીરાંનાં ભજન તથા બીજાં ગીતોની બંદિશો પણ તેના ભાઈ હૃદયનાથ મંગેશકરે બાંધી હતી ત્યારે પ્રશ્ન જરૂર થાય કે લતાએ પોતે જ કેમ તે ગીતોની બંદિશ તૈયાર કરી નહીં ? આ અને આવા બીજા અનેક પ્રશ્નો લતાના પ્રદાનની સાથે સંકળાયેલા રહેવાના છે.

કેટલાક શ્રોતાઓની ફરિયાદ છે કે લતા મંગેશકરનો અવાજ હવે નથી ગમતો. એ એકધારો ટેપ જેવો લાગે છે. આજે નવી ગાયિકાઓ પણ અનેક ઊભરી આવી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં લતા મંગેશકરે બહુ ઓછાં ગીતો ગાયાં છે, છતાં ભારતીય ફિલ્મ-સંગીતને લતાથી જુદું પાડીને વિચારી શકાય તેમ નથી અને એ રીતે લતા મંગેશકર ચિરસ્મરણીય જ રહેશે. આજની અનેક છોકરીઓને સૂરમાં ગાતાં લતાજીએ જ શિખવાડ્યું છે તેમ કહીએ તોપણ ચાલે.

લતા મંગેશકરનાં કેટલાંક ગીતો યાદ કરું તો મને સૌપ્રથમ એમનાં ગેરફિલ્મી ગીતોમાં મીરાંના ભજનને યાદ કરવાં ગમે. 'નિશદિન બરસત નૈન હમારે' પણ યાદ આવે. ખાસ તો ફિલ્મ 'અનુરાધા'નાં ગીતો અને તેમાં પણ 'સાંવરે સાંવરે'ને યાદ કરવું ગમે. આ ગીતની બંદિશ પંડિત રવિશંકરે રચેલી છે અને તેમાં આડી લય છે. જેથી લતાજીને પણ તે ગાવું અઘરું લાગેલું અને અનેક રિટેક લેવા પડેલા. પંડિત રવિશંકર પણ એમના પર ગુસ્સે થયેલા ત્યારે લતાજી રડી પડેલાં એવું એમણે જ એક વખત કહેલું. લતાજીએ ફિલ્મસંગીતને બે અનમોલ વાદકો આપ્યા તે પ્યારેલાલ (એમણે લતાજીનાં અનેક ગીતમાં વાયોલિન વગાડેલું અને લક્ષ્મીકાન્ત-પ્યારેલાલની જોડી તો પછી થઈ અને એ પછી પણ પ્યારેલાલે લતાજીનાં અનેક ગીતોમાં ફોલો કરેલું.) અને બીજા તે સારંગીવાદક ઉસ્તાદ સુલતાનખાન.

લતા મંગેશકરનાં એક ગાયિકા ઉપરાંત બીજાં પણ સ્મરણીય કાર્યો યાદ કરવા જેવાં છે. લતાજીને ફોટોગ્રાફીનો ખૂબ શોખ હતો. તેઓ અવારનવાર ખાસ ફોટોગ્રાફી કરવા માટે આઉટિંગ પર જતાં. તેમને નેચર અને કેન્ડીડ શૈલીની ફોટોગ્રાફી કરવી બહુ ગમતી. આ માટેના ખાસ ટેલિફોટોલેન્સ પણ એમણે વસાવેલા હતા અને એમને તેમના ફોટોગ્રાફ્સનું પ્રદર્શન કરવાની ઈચ્છા પણ હતી. એમને રમતગમત અને ખાસ કરીને ક્રિકેટનો બહુ શોખ હતો. તેઓ ક્રિકેટ મૅચ ખાસ સ્ટેડિયમમાં બેસીને જોવાનો આગ્રહ રાખતાં. એ જ રીતે લતાજીને અત્તર(પરફ્યૂમ)નો બહુ શોખ હતો અને હંમેશાં તેઓ બહાર નીકળતી વખતે લગાડીને જ નીકળતાં. આ બાબતને ધ્યાનમાં રાખીને એક કંપનીએ 'લતા' નામનું એક સેન્ટ પણ બજારમાં મૂક્યું હતું. જેનું લૉન્ચિંગ પણ એમણે કરેલું.

નાનપણમાં જોયેલી કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિ તેમજ પૈસા અને મેડિકલ સુવિધાઓને અભાવે પિતાનું થયેલું મૃત્યુ લતાજીને હંમેશાં યાદ રહેલું. તેના પરિણામે એમણે 'ધ લતા મંગેશકર મેડિકલ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી હતી અને એના ઉપક્રમે એમણે એક દસ માળની ૪૫૦ બેડની વિશાળ(૨૭,૦૦૦ સ્ક્વેર ફૂટના એક માળની) હૉસ્પિટલની યોજના કરી હતી, જેમાં બધા વર્ગોના લોકોને જરૂરી સારવાર મળી રહે તેવું આયોજન હતું. આ હૉસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને થતા ખર્ચના ત્રીસ ટકા એમનું ફાઉન્ડેશન ભોગવે એવી એમની યોજના હતી. આ હૉસ્પિટલનું હાલ પૂનામાં બાંધકામ ચાલી રહ્યું છે.

લતા મંગેશકર એ ભારતીય સંગીતનો એવો મધુર અવાજ છે જે સદીઓ સુધી ગુંજતો રહેશે.

**– અભિજિત વ્યાસ**

# હોળિકાની ચૂંદડી

વસંતનાં વધામણા કરતા હોળીના દિવસો નજીક આવે ત્યારે સ્વાભાવિક રીતે ભક્ત પ્રહ્લાદની વાત યાદ આવી જાય છે. પુરાણની આ વાત મુજબ આગ-પ્રતિરોધક ચૂંદડી ઓઢીને ફોઈ હોળિકા આગમાં બેસે છે, જેથી તે આગની જ્વાળાથી બચી જાય અને ખોળામાં બેસાડેલા પ્રહ્લાદને ..... આ બધી વાતો આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ. સાથે સાથે પરોક્ષ રીતે કહેવાતી એ સમયના વિજ્ઞાનની પ્રગતિની વાતોથી પણ આપણે વાકેફ થઈએ છીએ.

આ હોળીની જ વાત લો તો તેમાં આગ-પ્રતિરોધક પદાર્થ અથવા તો કાપડની વાતને વણી લેવામાં આવી છે. અગ્નિશામકદળ માટે પાયાની જરૂરિયાત આગ-પ્રતિરોધક પોશાક છે. આગની જ્વાળાઓ વચ્ચે જવાની જરૂર પડે તો અગ્નિશામકદળના સભ્યોને આગ-પ્રતિરોધક કપડાં થોડો વધુ સમય રહેવામાં મદદ કરે છે અને આ દરમિયાન થતી ઈજા ઘટાડે છે. શાળા, સિનેમાહૉલ, થિયેટર, હોટલ જેવી જાહેર જગ્યાએ અથવા તો ઘરમાં આગ લાગે ત્યારે અને તે ફેલાય ત્યારે ત્યાં લગાવેલા પડદા અને બિછાવેલી જાજમ વગેરેની પણ મોટી ભૂમિકા હોય છે. જો આ બન્ને આગ-પ્રતિરોધક હોય તો આગ ઝડપથી ફેલાતી નથી અને તે જલદીથી કાબૂમાં આવી જાય છે. આગ લાગવા માટે ઊંચું તાપમાન અને પૂરતા પ્રમાણમાં ઑક્સિજન એટલે કે હવા જવાબદાર હોય છે. જુદા જુદા પદાર્થ ઑક્સિજનની હાજરીમાં અલગ અલગ તાપમાને સળગે છે. કેટલુંક કાપડ સ્વભાવગત આગ કે જ્વાળા-પ્રતિરોધક હોય છે - જેમ કે ઊનનું કાપડ. માટે જ આગથી રક્ષણ મેળવવા માટે ઊનનો ધાબળો હાથવગું હથિયાર છે. હા, પૉલિયેસ્ટર કાપડ પણ કેટલેક અંશે આગ-પ્રતિરોધક હોય છે; પરંતુ તેનું વસ્ત્ર અતિ ગરમીથી પીગળીને ચામડી સાથે ચોંટી જાય છે અને વધારે જોખમી બની જાય છે. આ કારણે સંક્રાન્તની સાંજે ભયજનક હોટ-ઍર બલૂન ઉડાડતી વખતે, હોળીનું નારિયેળ બહાર કાઢતી વખતે, દિવાળીમાં ફટાકડા ફોડતી વખતે આગ અથવા જ્વાળાની નજીક જવાના પ્રસંગોએ સિન્થેટિક કપડાં પહેરવાં ન જોઈએ. અલબત્ત; પડદા કે સોફા કવર તો આગ-પ્રતિરોધક પૉલિયેસ્ટર કાપડના તો બનાવી જ શકાય.

આગ-પ્રતિરોધક કાપડ એટલે ધીમે સળગતું કાપડ. આ કાપડ લાંબો સમય આગમાં રાખવામાં આવે અથવા તો તેને ઊંચું તાપમાન (અતિશય ગરમી) સહન કરવાનું આવે તો તે ચોક્કસ બળી જાય છે - તેને નુકસાન થાય છે. આગ-પ્રતિરોધક કાપડનો યથાયોગ્ય ઉપયોગ આગ ફેલાતી રોકે છે પણ આગ લાગે જ નહિ તેમ ન કહી શકાય. કેટલાક ઔદ્યોગિક એકમોમાં આગ લાગવાની શક્યતા ખૂબ વધારે હોય છે. ત્યાંના કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે આગ-પ્રતિરોધક કપડાં આશીર્વાદ સમાન છે.

આગ-પ્રતિરોધક કાપડ બે પ્રકારનાં હોય છે. ક્યાં તો કપડા પર રાસાયણિક પ્રક્રિયા કરી તેને આગ-પ્રતિરોધક બનાવવામાં આવે છે અથવા તો તેના વણાટ વખતે આગ-પ્રતિરોધક દોરાનો (તાંતણાનો) ઉપયોગ કરવામાં આવે છે. આગ-પ્રતિરોધક કાપડના ઉપયોગ મુજબ મૂળ કાપડની પસંદગી કરવામાં આવે છે અને તેની પર એ મુજબની રાસાયણિક પ્રક્રિયા કરી આગ-પ્રતિરોધક બનાવવામાં આવે છે. જેમ કે પડદા, જાજમ, કારના સીટ કવર કે સોફાના કવર માટે પૉલિયેસ્ટર કાપડ યોગ્ય માનવામાં આવે છે પણ વિવિધ ઉપયોગ માટે તેના પર કરવામાં આવતી રાસાયણિક પ્રક્રિયામાં થોડી ભિન્નતા હોય છે. રાસાયણિક પ્રક્રિયાથી કાપડને અગ્નિ-પ્રતિરોધક બનાવવાનો સિદ્ધાંત સરળ છે. આપણે જાણીએ છીએ કે આગને ફેલાતી અટકાવવા માટે આગ પર અંગારવાયુ છોડવાથી આગને મળતો ઑક્સિજન બંધ થઈ જાય છે અથવા તો ખૂબ ઓછો થઈ જાય છે અને તેના પર પાણીના છંટકાવથી તાપમાન ઘટી જાય છે. પરિણામે આગ ફેલાતી બંધ થાય છે. આ બે પદાર્થો અગ્નિશમન માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે. કાપડ પર છંટકાવ કરવામાં આવતું વિશિષ્ટ રસાયણ (એમોનિયમ પૉલિફૉસ્ફેટ) આગ સમયે આ બે પદાર્થોને પ્રવૃત્ત કરે છે અને કાપડથી અગ્નિ થોડા સમય માટે દૂર રહે છે. જોકે રાસાયણિક પ્રક્રિયા કરેલા કાપડમાંથી સામાન્ય વપરાશનાં વસ્ત્રો બનાવવાં હિતાવહ નથી, કારણ કે તે ત્વચાને હાનિ પહોંચાડે છે.

અગ્નિ અને ગરમી વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. ક્યારેક તો આ બે શબ્દો એકબીજાના પર્યાય હોય તેવું લાગે છે. દરેક આગ-પ્રતિરોધક પદાર્થ ઉષ્મા-પ્રતિરોધક નથી હોતો. આ સંદર્ભમાં લોખંડના તાર કે પછી કોઈ પણ ધાતુના તાંતણા વિશે વિચારશો તો આ સમજાઈ જશે. માટે ધાતુના તારમિશ્રિત કાપડમાંથી માણસોનો પહેરવેશ તો ન જ બનાવી શકાય. આગ-પ્રતિરોધક અને ગરમી-અવરોધક પદાર્થ જેવા કે સિરામિક કે કાચ, ઍસ્બેસ્ટૉસ વગેરેમાંથી ખેંચેલા તાર કાપડના વણાટમાં સામેલ કરવાથી તે વધતે-ઓછે અંશે આગ અને ઉષ્મા-અવરોધક બને છે. હા, આગ-પ્રતિરોધક કાપડ ખૂબ ઘાટું વણેલું હોય છે.

આપણો અનુભવ છે કે એક જ પ્રકારના તાંતણાનું વણેલું ઘટ્ટ કાપડ આછા વણેલા કાપડ કરતાં ધીરે બળે છે. તદુપરાંત લાંબી રુવાંટી, ખરબચડી સપાટીવાળું કાપડ ઝડપથી સળગે છે. અરે ! ક્યારેક આ પ્રકારની સપાટી આગ ફેલાવવામાં પણ મદદ કરે છે. આ તો થઈ સૈદ્ધાંતિક વાત. કાપડને હલકા, મજબૂત અને ટકાઉ બનાવવા માટે આ પ્રકારના વિવિધ પદાર્થોનું સંયોજન કરી તાંતણા બનાવવામાં આવે છે. આ તાંતણાને વાપરીને બનાવેલું કાપડ આગ અને ઉષ્મા-પ્રતિરોધક બને છે. કેટલીક કંપનીઓ વિવિધ ઉપયોગો માટે આ પ્રકારનું કાપડ બનાવે છે પણ તેમાં વપરાતા પદાર્થો અને કાપડ બનાવવાની પ્રક્રિયા અંગે ગુપ્તતા જાળવે છે.


આપણા દેશમાં લગભગ સો વર્ષ પહેલાં અગ્નિશામક દળનું ગઠન થયું હતું. ત્યારથી તેઓ ઊનનો પોશાક પહેરતા હતા. ઊંચાં થતાં જતાં મકાનો અને લોકોની સલામતીના

**(અનુસંધાન ૧૪મા પાને)**

# સ્ક્વોમિશ જીવનમાંથી પસાર થતો સાંસ્કૃતિક પ્રવાસ

સ્ક્વૉમિશ ગામની સીમમાં જ એક સુંદર જળપ્રપાત સ્વાગત કરી રહ્યો હતો. એ ધોધનું નામ હતું : શેનૉન ફોલ્સ. કૅનેડાનો આ ત્રીજા નંબરનો સૌથી મોટો ધોધ. આદિકાળના શીતયુગમાં અહીં એકાદ કિલોમીટર પહોળી બરફની દીવાલ હતી. યુગોથી ચાલી આવતી કુદરતની વિનાશ અને નવસર્જનની પ્રક્રિયાઓને અંતે અહીં ઘૂઘવતો જળપ્રપાત સર્જાયો. અહીંનાં તોતિંગ બુઝુર્ગ વૃક્ષો, જળબિંદુઓથી ધૂમિલ વાતાવરણમાં પાંગરતી હરિયાળી વનસ્પતિ અને મલકાતાં ફૂલો અને ઊંચે પર્વત પરથી ધસમસી આવતાં જળનો તોખાર. સી ટૂ સ્કાય હાઈવેને અડીને ઊભેલું આ સ્થળ, કૅનેડાના આ સુંદરતમ રળિયામણા રસ્તાનું ઘરેણું છે. સ્ક્વૉમિશ ગામ પણ શાંત અને સુંદર હતું. આજે તો હાઈવેથી જોડાયેલ વિકસિત પ્રવાસન ધામને જોઈને હું એ દિવસની કલ્પના કરી રહી હતી, કે જ્યારે આદિવાસીઓના આ દેશમાં પહેલા પરદેશીએ પગ મૂક્યો.  સી ટૂ સ્કાય હાઈવે તો છેક ૧૯૫૬માં બન્યો. ત્યાં સુધી આદિવાસીઓનો આ દેશ પૅસિફિક કિનારાની મુખ્ય ધરતીથી માત્ર જળમાર્ગથી જોડાયેલ હતો. જૂન, ૧૭૯૨ની એક વરસાદી સવારે સ્ક્વૉમિશ ગામની દક્ષિણે આવેલ નદીના મુખ પર નાહવા ગયેલ આદિવાસીએ એક અચરજ જોયું. એ ગામ તરફ દોડ્યો. ગામલોકને જગાડીને એણે કહ્યું કે, હોવે સાઉન્ડના ડરેલ અખાતમાં દૂર એક નવો ટાપુ ઊપસી આવ્યો છે, એક તરતો ટાપુ ! હાંફળાંફાંફળાં સૌએ કૌતુક જોવા પોતપોતાનાં હોડકાં લઈને નદીમાં ઝંપલાવ્યું. અચરજભર્યા સ્થળની નજીક જતાં સૌએ જોયું કે, એ કોઈ ટાપુ નહોતો, એ તો એક મસમોટું અતિવિચિત્ર હોડકું હતું ! સૌ વિસ્મયથી એને નિહાળતા હતા, ત્યાં એના પર માણસો ચાલતા દેખાયા. કેવા વિચિત્ર છે એ માણસો કે એમના મોઢા સિવાયનાં આખાં શરીર સફેદ કપડાંથી ઢંકાયેલાં છે ! સ્ક્વૉમિશ આદિવાસીઓ બોલી ઊઠ્યા. અંતે એક બુઝુર્ગે હલ શોધ્યો : આ તો મૃતકોના દેશમાંથી આવેલ લોકો છે, એટલે એમનાં શરીર કફનથી વીંટળાયેલાં છે ! આ માણસ હતો બ્રિટિશ પ્રવાસી જ્યૉર્જ વાનકુવર, જેના નામ પરથી વાનકુવર શહેરનું નામકરણ થયું અને તરતો ટાપુ તે એનું ઐતિહાસિક જહાજ ડિસ્કવરી. આગંતુક મૈત્રીપૂર્ણ હતો. એનું સ્વાગત પણ પ્રેમથી થયું. પછી તો વ્યાપારીઓ, સોનું શોધવા નીકળેલા ખાણિયાઓ, કુદરતને માણવા નીકળેલ પ્રવાસીઓ અહીં આવ્યા. એમાંના કેટલાક આ સ્થળને ચાહવા લાગ્યા ને અહીં જ વસી ગયા. ખાણોમાં હવે સોનું નથી. એક સમયમાં સોનાનાં હતાં એ ગામ હવે અગોચર ઝાડીમાં ભૂતાવળની જેમ ભટકી રહ્યાં છે.

સ્ક્વૉમિશથી પાછાં ફરતાં હજી એક સુંદર સ્થળની મુલાકાત થવાની હતી. ઍલિસ



**ઍલિસ લેક પ્રૉવેન્શિયલ પાર્ક**

લેક પ્રૉવેન્શિયલ પાર્કના પાટિયે અમે ઍલિસ નામના સરસ મજાના સરોવર તરફ વળી ગયાં. ઊંચા મિનારા જેવા પર્વતો, નાનકડી કેડીઓને કિનારે ઊભેલાં ગાઢ અરણ્યો અને લીલાંછમ ઘાસિયા મેદાનોથી આચ્છાદિત એવા આ વિશાળ પ્રૉવેન્શિયલ પાર્કમાં અનેક ભૂરાં ભૂરાં સરોવરો છે. રમણીય સરોવરને કિનારે ઊભેલા વનમાં ભૂલા પડો તો દિવસો સુધી મનુષ્યનું મોં પણ જોવા ન મળે, તેવી દુર્ગમ કેડીઓ છે. આ સાંકડી કેડીઓ પર સાઇકલ ચલાવવા માટે ઠેર ઠેર લાકડાંની પગથાર બનાવવામાં આવેલ છે. કુદરતના સાન્નિધ્યમાં રહેવાનું અહીંના નિવાસીઓને આદિકાળથી ગમતું હશે તેનાં પ્રમાણો આ સ્થળના ઇતિહાસમાંથી મળ્યાં. ઇતિહાસ કહે છે કે, આદિકાળમાં જ્યારે અહીં માત્ર આદિવાસીઓ વસતા, ત્યારથી આ સ્થળ લોકલાડીલું છે. આ સરોવરની આસપાસ દૂર દૂર સુધીનાં ગામડાંમાં વસતા લોકો તરવા, ફરવા અને માછલાં પકડવા અહીં ઊમટી આવતા. ઓગણીસમી સદીમાં આ આખાય સ્ક્વૉમિશ પ્રદેશમાં યુરોપિયનોનું આગમન થયું. મોટા ભાગના યુરોપિયનો અહીં વ્યાપાર-વાણિજ્ય અર્થે આવતા, તો વળી કોઈ અહીં મળી આવેલી સોનાની ખાણોમાં સોનું શોધવા પણ આવવા લાગ્યા. સન ૧૮૮૮માં આવા જ કોઈ કારણસર એક પ્રવાસી યુગલ અહીં આવી ચડ્યું. પતિનું નામ હતું - ચાર્લ્સ રોઝ અને એની પત્નીનું નામ હતું - ઍલિસ. તે યુગલ આ સરોવરના પ્રેમમાં પડી ગયું અને અહીં જ વસી ગયું. ઍલિસ સદાય આસપાસ વસતા આદિવાસીઓના ઉત્કર્ષ માટે કાર્યરત રહેતી. ઍલિસે આખું જીવન આ કાર્યને અને અહીંના કુદરતી સૌંદર્યને સમર્પિત કરી દીધું. અંતે એણે અહીં જ અંતિમ શ્વાસ લીધા. લોકોએ પોતાની વહાલી ઍલિસનું નામ આ સરોવરને દઈને તેને અમર બનાવી દીધી.

આ પાર્કની રચના તો છેક ૧૯૫૬માં થઈ. ત્યારે ઍલિસની યાદમાં આખાય પાર્કને 'ઍલિસ લેક પ્રૉવેન્શિયલ પાર્ક' એવું નામ આપવામાં આવ્યું.

મને ગાંધીજીની પ્રેરણાથી આપણા દક્ષિણ ગુજરાતના છાના ખૂણાઓમાં વસી જઈને જીવન સમર્પિત કરી દેનાર મહાનુભાવો યાદ આવી ગયા. સ્ક્વૉમિશનો પાછલાં પાંચ હજાર વર્ષનો ઇતિહાસ વાંચતાં એક બીજી વાત તરફ પણ ખાસ ધ્યાન ગયું. સરકારી અહેવાલ નોંધે છે કે, અહીં વસનાર આદિમાનવે આ ધરતીને હૃદયપૂર્વક ચાહી, પરંતુ આજનો સંસ્કૃત માનવ માને છે તેમ, તે આદિમાનવના મનમાં આ ભૂમિ પ્રત્યે માલિકીનો ભાવ નહોતો. એને મન તો આ ભૂમિ એક અમાનત હતી, જેનો એ રખેવાળ હતો. એને મન કુદરત એક એવો ખજાનો હતો કે જેના પર વસનાર સૌનો સહિયારો અધિકાર હતો. એને મન અધિકારની ભાવનાનું નહીં, પરંતુ પોતાના પૂર્વજો જ્યાં વસતા આવ્યા છે, તે ભૂમિ પ્રત્યેનો સ્નેહાનુબંધ અને ગૌરવનું મહત્ત્વ હતું, જે અહીંની પ્રજાએ આજ સુધી સાચવ્યું છે !

આજે તો સ્ક્વૉમિશ કૅનેડામાં જોડાઈ ગયું છે. એમાં એક નમૂનેદાર સમાજ રહે છે, જેમાં આદિવાસીઓ સાથે હળીભળી ગયેલા યુરોપિયનો છે, તો વળી જૂજ ભારતીય કુટુંબો પણ છે. ઇતિહાસ નોંધે છે કે, અહીં સદીઓથી થોડાંક શીખ કુટુંબો વસેલાં છે, જેમના પૂર્વજો નદીકિનારાની સો-મિલોમાં કામ કરતા ! અહીં વસનારાં સૌ એકબીજાંની સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ રાખી એક કુટુંબની જેમ રહે છે. પ્રવાસી અહીં આવે છે, એડવેન્ચર સ્પૉર્ટ્સથી મન બહેલાવે છે, અહીંની પ્રેરણાસભર સંસ્કૃતિ તથા પ્રાકૃતિક સૌંદર્ય સાથે પરિચય કેળવે છે અને ઊંડો જીવનબોધ લઈને પાછો ફરે છે. હા, સ્ક્વૉમિશ જતાં પેલા નિરીક્ષણકક્ષમાં લખેલ હતું, તે સાર્થક જ હતું કે, 'સ્ક્વૉમિશની સફર માત્ર પ્રકૃતિ તરફ લઈ જતી કેડી જ નથી, એ તો અમારા જીવનમાંથી પસાર થતો સાંસ્કૃતિક પ્રવાસ છે !'

**– ભારતી રાણે**

---

**(૧૧મા પાનાનું ચાલુ)**

નિયમો પ્રત્યેની ઉદાસીનતાને લીધે જ્યારે આગ લાગે ત્યારે તેને નાથવાનું કામ ખૂબ જ કપરું બની જાય છે. ટૅક્નૉલૉજીના વિકાસનાં ફળ મોડે મોડે પણ આ ક્ષેત્રમાં ચાખવા મળ્યાં. લગભગ દશ વર્ષ પહેલાં જ ૨૦૧૦માં મુંબઈ અગ્નિશામક દળને વધુ સલામત આગ-પ્રતિરોધક પોશાક મળ્યો. ધુમાડામાં પણ તેઓની શ્વસનક્રિયા નિયમિત રહે તે માટે ઑક્સિજનની વ્યવસ્થા ટોપીમાં જ કરવામાં આવી હોય છે. તેઓના પોશાકને આંતરરાષ્ટ્રીય ધારાધોરણ પ્રમાણે બનાવવા માટે માથાથી પગ સુધીના એક પોશાકની કિંમત એક લાખ રૂપિયાની આસપાસ થાય છે. આગ-પ્રતિરોધક પોશાકને કારણે આગ-યોદ્ધાઓ હિમ્મત અને વિશ્વાસથી આગની વધુ નજીક જઈ શકે છે.

**– ચિંતન ભટ્ટ**


# ચૈતન્યવિકાસની અનંત શક્યતાનો આલેખ

સંત, સાહિત્યસાધક અને મનીષી આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજની 'મૂકમાટી' મહાકૃતિ એ ભારતીય મહાકાવ્યોની સમગ્ર સૃષ્ટિમાં વિરલ અને વિશિષ્ટ એ માટે ગણાય કે એમાં કોઈ પ્રભાવશાળી રાજવીના ચરિત્રને, કોઈ ઐતિહાસિક પ્રસંગને કે કોઈ ભવ્ય ધાર્મિક વિષયને બદલે તુચ્છ, પદદલિત અને સામાન્ય લાગતી માટી એના વિષયવસ્તુ તરીકે મળે છે. એક મહાકાવ્યની રચના મૂકમાટીને લક્ષમાં રાખીને કરવી, એ સ્વયં એક પડકાર છે અથવા તો કહો કે મૌલિકતાનો એક ચમત્કાર છે. અહીં માટીની અનેક ક્રિયા-પ્રક્રિયાઓ દર્શાવીને અંતે એમાંથી પ્રાપ્ત થતા શાંત અને શીતળ જળભર્યા મંગળ-કળશની કલ્પનાની સાથોસાથ માનવજીવનના વારાફેરા ગૂંથી લેવામાં આવ્યા છે. માટી પોતાનો અહંકાર ગાળીને, માન-અપમાન સહન કરીને, અપાર સમતા અને પ્રબળ સહનશીલતાનો પરિચય આપીને અને કેટલીય અગ્નિપરીક્ષાઓમાં તવાઈને કુંભારને હાથે કુંભનું રૂપ પામે છે. એ સામાન્ય માટીમાંથી અસામાન્ય મંગળકળશ બને છે, પતિતમાંથી પાવન થાય છે. આ રીતે માટીના ઉદ્ધારના પ્રતીક દ્વારા પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજીએ માનવચેતનાના ઉત્થાનના પોતાના વિરાટ દર્શનને ખૂબીપૂર્વક સમાવી લીધું છે. સામાન્ય બાબતને અસામાન્ય બનાવતી એમની સર્જકપ્રતિભાનો સ્પર્શ આ ગ્રંથમાં પદે પદે અનુભવાય છે.

જમીન પરની વિખરાયેલી માટી પરથી કલ્યાણકારી મંગળકળશ સુધીની યાત્રા દર્શાવીને માનવીય ચેતનાના વિકાસની અનંત શક્યતાઓને તાગી છે અને એ રીતે ઊંડી ખીણથી ઊંચા શિખર સુધીની અર્થાત્ પાપાત્માથી પરમાત્મા સુધીની યાત્રાનો પ્રેરક આલેખ આપ્યો છે. કલાકૃતિ તરીકે માત્ર માટીના ઉદ્ધારને પ્રતીકાત્મક સૂત્ર રૂપે લઈને કેટકેટલા વિષયોમાં આચાર્યશ્રીની વિચારયાત્રા ગતિ કરે છે. એમાં ધર્મ, દર્શન, રાજનીતિ, સમાજ, અર્થકારણ અને વર્તમાન સંસ્કૃતિ જેવા વિષયોને સાંકળી લેવામાં આવ્યા છે અને ખૂબી તો એ છે કે આ બધા વિષયોની સાથે સાથે માટીની વિકાસયાત્રાની લગોલગ વ્યક્તિની અને વિશ્વની વિકાસયાત્રાની કથા પ્રતિધ્વનિત થાય છે.

પ્રત્યેક સંતની પાસે પોતીકું ભાવજગત હોય છે. ક્રૌંચ યુગલના વધની વેદનામાંથી ઋષિ વાલ્મીકિ દ્વારા 'રામાયણ'નું સર્જન થાય છે. એ વેદનાને ઋષિ-કવિ રામરાજ્યની મંગલભાવનામાં પરિવર્તિત કરી નાખે છે. 'મૂકમાટી'માં આચાર્યશ્રી વિદ્યાસાગરજી એક સંતની દૃષ્ટિએ જગતને જુએ છે, સંવેદનાથી જગતની વિસંગતિઓને પ્રગટ કરતા રહે છે અને અંતે એનો સત્યમ્, શિવમ્ અને સુંદરમ્માં સમન્વય સાધે છે.

શું આ કૃતિ તપસ્વી સંતની છે કે પછી ઉત્કૃષ્ટ સાધકની છે ? હકીકત એ છે કે આ કૃતિ એ એવા સંત-કવિની રચના છે કે જે અધ્યાત્મ અને કાવ્યત્વના શિખરે પલાંઠી મારીને બેઠા છે અને એથી જ માનવીય વેદનાની સાથોસાથ આતંકવાદ જેવી જાગતિક




સમસ્યાની વાસ્તવિકતા દર્શાવીને એમાંથી અંતે સર્વમંગલની ભાવના દર્શાવે છે. આ માટે એમણે જૈન ધર્મના સિદ્ધાંતોનું આલેખન કર્યું છે. અનેકાંતવાદ, રત્નત્રય, મોક્ષ, કર્મસિદ્ધાંત જેવા દાર્શનિક વિષયોને સમકાલીન સમસ્યાઓના ઉકેલ રૂપે દર્શાવ્યા છે, કિંતુ એને શાસ્ત્રીય રાખવાને બદલે સર્વજનસ્પર્શી બનાવી દીધા છે. એમની દૃષ્ટિ તો અસ્તિત્વવાદ, અતિયથાર્થવાદ જેવી વિચારધારાની સાથે સાથે યોગ અને અદ્વૈતની વિચારધારા સુધી ફરી વળે છે. આ રીતે મહાકાવ્યના રચયિતાની વિરાટ વિચારસૃષ્ટિનો અહીં સાક્ષાત્ અનુભવ થાય છે. એમાં જૈન જીવનદર્શન એ માત્ર શાસ્ત્રગ્રંથો કે સાધના સુધી સીમિત રહેવાને બદલે સમકાલીન જીવનના ઉત્થાનનું સોપાન બને છે.

મુક્ત છંદના રાજમાર્ગ પર ચાલતી આ કૃતિ એ દાર્શનિક સંતના આત્માની ભાવનાઓને સહજ, સરળ ભાષામાં પ્રસન્નતાથી વહેવડાવતી સૂરાવલિ બને છે અને એનું શ્રવણ કરતાં કરતાં ભાવક હોય કે વાચક હોય, શ્રાવક હોય કે સાધુ હોય - સહુ કોઈ સ્વયંનું સંગીત સાંભળે છે. આ સંગીતમાં જુદા જુદા આરોહ-અવરોહ આવતા રહે છે, ક્યાંક દૃષ્ટાંત તો ક્યાંક વ્યંગ્ય, ક્યાંક સૂત્રાત્મકતા તો ક્યાંક સંબોધનશૈલી - એ રીતે અલંકારોના ભાર કે અભિવ્યક્તિની દુર્બોધતા વિના આ કૃતિ નૈસર્ગિક ઝરણાની જેમ અસ્ખલિત વહ્યા કરે છે અને એ જ રૂપે બિંદુબહેન પારેખે એને અનુવાદિત કરીને આપી છે. આચાર્યપ્રવરની વૈશ્વિક ભાવના જનજનના હૃદયમાં ગુંજી રહે એવી ગુજરાતી અનુવાદક શ્રી બિંદુબહેન પારેખની સરળ કિંતુ મર્મસ્પર્શી શૈલી છે. કાવ્યના મર્મને પારખીને તેઓ ભાવના અંતસ્તલને આલેખે છે. એમના આ મહાકાવ્ય પર ચાર ડી. લિટ્, બાવીસ પીએચ.ડી., સાત એમ.ફિલ.ના શોધપ્રબંધ તથા બે એમ. એડ્. અને છ એમ.એ.ના લઘુશોધપ્રબંધ લખાયેલા છે.

મૂળે તો હિંદી ભાષામાં ભારતીય જ્ઞાનપીઠે ૫૫૦ પૃષ્ઠના ત્રણ ખંડમાં આ કૃતિ પ્રકાશિત કરી હતી. આજ સુધી એનાં અગિયાર સંસ્કરણ થયાં છે. આઠ જેટલી જુદી જુદી ભાષાઓમાં એના અનુવાદ થયા છે, ત્યારે આશ્ચર્યની વાત તો એ કે છેક ૧૯૮૮માં હિંદી ભાષામાં પ્રકાશિત થયેલી આ કૃતિનો બિંદુબહેન પારેખે અનુવાદ કર્યો છે અને સવિશેષ તો આચાર્યપ્રવરની ભાવસૃષ્ટિ અને સર્જનઉન્મેષોને એમણે ગુજરાતી ભાષામાં રજૂ કર્યા છે.

આ માટી એ પવિત્ર આત્મા છે જે પોતાની સ્વાભાવિક અવસ્થામાં અનંતગુણોથી મુક્ત હોવા છતાં વિભાવદશાને કારણે યુગો યુગોથી ભવભ્રમણ કરે છે. આવી સ્થિતિમાંથી આજનું જગત વિશ્વમાંગલ્યની ભાવના, માનવીય મૂલ્યોની ખેવના અને માનવચેતનાની વિકાસયાત્રા તરફ એક ડગલું આગળ વધે, એવી આચાર્યપ્રવરની ભાવના અભિવ્યક્ત થાય છે.

**– કુમારપાળ દેસાઈ**

# આર્કટિક પર તોળાતું જોખમ

વૈશ્વિક સ્તરે ગંભીર એવા વિવિધ પ્રશ્નોમાં કોવિડની સાથે સાથે પર્યાવરણ પર પ્લાસ્ટિકની અસરો અને તેનાં લાંબા ગાળાનાં સમાધાનોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. વીતી ગયેલા બે-ત્રણ દસકાઓમાં થયેલું આધુનિકીકરણ અને જીવન જીવવાના સ્તરોની પ્રગતિના લીધે પ્રદૂષણ વિશ્વના બધા જ દેશોની સમસ્યા બની ચૂક્યું છે. વિવિધ દેશોમાં પ્રદૂષણની માઠી અસરોને નાથવા અને માનવજાતિને તેનાં કાર્યોનાં દૂષિત પરિણામોથી બચાવવા માટે બધા જ મરણિયા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે કોવિડ જેવી મહામારીએ છેલ્લાં બે વર્ષથી માનવજીવન મુશ્કેલ બનાવ્યું છે, ત્યારે પણ પ્રદૂષણથી થયેલું નુકસાન અને તેની પ્રાકૃતિક સંપદાઓ પર થયેલી આડઅસરોનો ભોગવટો નકારી શકાય તેમ નથી. સામાન્ય દૃષ્ટિએ આપણી આસપાસ જોતાં નજીવા જણાતા ફેરફારો જેમ કે, તાપમાનમાં વધારો, જૈવિક સંપદામાં ઘટાડો અને અનુકૂલનોના ફેરફારોને જો માનવરહિત સ્થાનો (જંગલો, મહાસાગરો કે ધ્રુવો) પર માપવામાં આવે તો માનવઅસ્તિત્વ માટે તે સંઘર્ષમય જણાય છે. આ સત્ય સમજવા હાલમાં આર્કટિક રિસર્ચ સેન્ટર (હાર્વર્ડ યુનિવર્સિટી) હેઠળ પ્રસારિત થયેલ કેટલીક માહિતી જોઈએ.

પૃથ્વીના વિવિધતાસભર સ્વભાવમાં અત્યંત ઠંડા, અત્યંત ગરમ, રેતાળ અને ગાઢ જંગલો જેવા કુદરતી પ્રદેશોનો સમાવેશ થાય છે. પૃથ્વીના ભૌગોલિક દૃષ્ટિએ બે ધ્રુવપ્રદેશો છે – આર્કટિક અને એન્ટાર્કટિક. ઉત્તરમાં સ્થિત ધ્રુવીય પ્રદેશ. આર્કટિક એ પોતાના વૈવિધ્યસભર છતાં શાંત એવા બરફાચ્છાદિત વિસ્તારોના લીધે વૈજ્ઞાનિક કુતૂહલનો ભાગ બની રહે છે. આર્કટિકનું સૌથી નીચું તાપમાન -૬૮° સે. નોંધાયેલું છે. આર્કટિક વિસ્તારમાં સંગ્રહાયેલ વિવિધ અવશેષો, બરફ, વાયુ, પાણીના નમૂનાઓ એ સઘળું પૃથ્વીનાં કેટલાંય રહસ્યોને હજારો વર્ષથી અકબંધ રાખી રહ્યા છે. આર્કટિકનો કુલ વિસ્તાર ૧૪,૦૯૦,૦૦૦ ચો.કિમી. છે. પૃથ્વીના ઉત્તર દિશાનો છેવાડાનો પ્રદેશ હોવાના કારણે આર્કટિકને અતિ અલ્પ પ્રમાણમાં સૂર્યની ઉષ્મા મળે છે. આ કારણે તે વિસ્તારમાં વર્ષના લગભગ ૧૦ મહિના બરફની ચાદર ઢંકાયેલી હોય છે. વાર્ષિક ધોરણે વિવિધ દેશો દ્વારા સ્થપાયેલાં ખોજ-સંશોધન કેન્દ્રોમાં લાંબા સમયનાં અવલોકનો લેવામાં આવે છે. વૈજ્ઞાનિકોના સંશોધન અનુસાર આર્કટિક પોતાની બરફની ચાદર ગુમાવી રહ્યું છે. શિયાળામાં સામાન્ય રીતે બરફની શિલા બની જતું આર્કટિક ઉનાળાના મહિનાઓમાં કેટલાય દેશોની મીઠા પાણીની જરૂરિયાતોની પૂર્તિ કરે છે. ઋતુચક્ર અનુસાર દર વર્ષે ઉનાળામાં પીગળતો બરફ પાછો બરફની શિલામાં ફેરવાઈ જાય છે. આર્કટિકમાં બરફની શિલાઓના બે પ્રકારો જોવા મળે છે : પોચો બરફ અને સખત બરફ. સામાન્ય રીતે ઉનાળામાં પોચો બરફ મીઠા પાણીનું ઝરણું બને છે અને સખત બરફ કેટલાક ફૂટ ઊંડે સુધી અડીખમ ઊભો રહે છે. આજે પ્રદૂષણની અસરો હેઠળ

વર્ષોથી ચાલી આવતી આ હકીકતો બદલાઈ રહી છે. હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા આ બરફ - પાણી - બરફનાં વર્ષો સુધી ઝીણવટભર્યાં અવલોકન પછી નીચેનાં દૃશ્યો પકડી પાડવામાં આવ્યાં છે.




આ અવલોકનો ચોંકાવનારાં છે. આર્કટિકમાં આજથી ૫૦ વર્ષ પહેલાં ૬૦ % ઉપરનો સખત બરફ ઉનાળામાં પણ પીગળતો ન હતો. વૈજ્ઞાનિકોના આ વખતના અનુમાન અનુસાર આ વર્ષે ઉનાળામાં આર્કટિકમાં એક પણ સખત બરફની શિલા કે તેનો અંશ બચવાનાં નથી ! હા, બરફઆચ્છાદિત પૃથ્વીનો ઉત્તરધ્રુવ પીગળી ગયો ! આ અત્યંત દુ:ખદ અનુભવ હતો, જ્યારે આ ચિત્ર જોયું અને અનુભવ્યું કે આ સાવ સાચું છે. આ અવલોકન સમગ્ર વૈજ્ઞાનિક વિશ્વમાં ખળભળાટ મચાવી ગયું.

કોઈ આપણને એવો સવાલ કરે કે પૃથ્વીના ઉત્તરધ્રુવમાં બરફ ન બને તો ન બને, એમાં આપણને ગુજરાતમાં શું ફેર પડવાનો ? આર્કટિકમાં બરફની શિલાઓ એ સંતુલિત પર્યાવરણનું પ્રતીક છે. પર્યાવરણનું અસંતુલન ગામ, શહેર કે દેશ જોઈને અસર કરતું નથી. પાછળનાં ૧૦૦ વર્ષમાં ગ્લોબલ વૉર્મિંગના કારણે ગુજરાતના સામાન્ય સરેરાશ તાપમાનમાં ૩-૫° સે.નો વધારો થયેલ છે. વર્ષોમાં ન જોયેલાં વાવાઝોડાં, કમોસમી વરસાદ અને પ્રાકૃતિક સંપદાનો થતો ઘટાડો આજે કોઈનાથીય છૂપો નથી. એમેઝોનનાં જંગલોમાં દાવાનળ થાય છે અને આર્કટિકમાં બરફ ન બનવાથી હજારો ટન પ્લાસ્ટિક વિશાળ સમુદ્રમાં ફેલાઈ જવાનો ભય છે. અંતે તો આ સઘળું માનવસર્જિત ઔદ્યોગિક વિશ્વનું સર્જન છે. પર્યાવરણના સંતુલનના એક મહત્ત્વના ભાગને તાત્કાલિક બચાવવાને બદલે અથવા તો આર્કટિકને ઓઝલ થતાં બચાવવાની જગ્યાએ વિવિધ દેશો તેની નીચે રહેલાં ખનિજો અને મત્સ્યસંપત્તિની વહેંચણીની ચર્ચામાં ડૂબેલા છે. આ સમયે માનવતાની મહેક રૂંધાઈ જાય છે. કુદરતી સંપદા, વૈશ્વિક સંપત્તિ અને માનવજાતિનો વિકાસ જો એકસાથે સંતુલિત નહીં રહે, તો આપણી પૃથ્વીનો વિનાશ નિશ્ચિત છે. વ્યક્તિગત સ્તરે પોતાની જરૂરિયાતો ઘટાડીને અને સામાજિક સ્તરે જાગૃતિના પ્રયત્નોથી સરકાર સુધી પહોંચી શકાશે. જો આ પ્રકારની જાગૃતિ આવે, તો એ નિશ્ચિત છે કે આવનારી પેઢીઓ આર્કટિકને ધ્રુવ તરીકે ઓળખશે.

**– પૂર્વી દેસાઈ**

# સેટેલાઇટ ઇન્ટરનેટ માટે ઉદ્યોગપતિઓની તીવ્ર સ્પર્ધા

દુનિયાની વસ્તી ૭૯૫ કરોડ જેટલી છે, એમાંથી ૪૯૫ કરોડ લોકો ઇન્ટરનેટ એક્સેસ ધરાવે છે. એ સિવાયના ૩૦૦ કરોડ લોકો પાસે હજી ઇન્ટરનેટ પહોંચ્યું નથી. ૪૯૫ કરોડ ઇન્ટરનેટના વપરાશકારો તો કોઈ ને કોઈ કંપનીના ગ્રાહકો છે, પરંતુ હજી ૩૦૦ કરોડ લોકો ઇન્ટરનેટની રાહ જોઈ રહ્યા છે. આ ૩૦૦ કરોડ લોકોને ગ્રાહક બનાવવા માટે દુનિયાભરના ઉદ્યોગપતિઓ વચ્ચે સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. એમાં ઇલોન મસ્ક, જેફ બેઝોસ, સુનિલ મિત્તલ સહિતના ઉદ્યોગપતિઓમાં હવે મુકેશ અંબાણીનો પણ સમાવેશ થયો છે. મુકેશ અંબાણીની જિયો કંપનીએ યુરોપિયન કંપની એસઈએસ સાથે કરાર કર્યો છે. આ બંને કંપનીઓ મળીને સેટેલાઇટ ઇન્ટરનેટના પ્રસાર માટે કામ કરશે.

સેટેલાઇટ ઇન્ટરનેટ એ 'જનરેશન નેક્સ્ટ' બાબત છે. એની કામ કરવાની પદ્ધતિ અત્યારના ઇન્ટરનેટ પ્રોવાઇડર કરતાં ભિન્ન છે. અત્યારે ઠેર ઠેર ટાવર્સ નાખીને મોબાઇલ સુધી ઇન્ટરનેટ પહોંચાડવામાં આવે છે અથવા તો વાયરનું જોડાણ કરીને ઇન્ટરનેટનો એક્સેસ મળે છે. સેટેલાઇટ ઇન્ટરનેટ આ બંને કરતાં તદ્દન જુદી પદ્ધતિ છે. પૃથ્વીથી બહુ દૂર નહીં એવી ભ્રમણકક્ષામાં ઇન્ટરનેટ માટેના સેટેલાઇટ સેટ થઈ રહ્યા છે. નજીકની ભ્રમણકક્ષામાં સેટ થયેલા આ ઉપગ્રહો યુઝર્સના મોબાઇલમાં ટાવરની મદદ વગર સીધું ઉપગ્રહનું સિગ્નલ પકડે છે. યુઝર્સને નજીકના મોબાઇલ ટાવર્સ પર નિર્ભર રહેવાની જરૂર પડતી નથી. એક નાનકડા ડિશ ઍન્ટેનાની મદદથી મોબાઇલ કે લૅપટૉપમાં ઇન્ટરનેટ જોડાઈ જશે. શક્ય છે, આગામી દિવસોમાં મોબાઇલ કંપનીઓ સ્માર્ટફોનનું પાછળનું કવર જ એવું આપે, જે ડિશ ઍન્ટેનાની ગરજ સારે. જો એવું થાય તો ઉપગ્રહ આધારિત ઇન્ટરનેટની લોકપ્રિયતા વધી જાય. દુર્ગમ રણવિસ્તારથી લઈને ઊંચા પર્વતો સુધી બધે જ એનો વપરાશ કરનારને એકસરખી ઇન્ટરનેટ કનેક્ટિવિટી મળતી થઈ જાય. મેદાની પ્રદેશમાં ઇન્ટરનેટની સ્પીડ હોય એટલી રણ, જંગલ કે પર્વતોમાં હોતી નથી. કારણ કે ત્યાં ટાવર્સની કનેક્ટિવિટી પહોંચતી નથી, પરંતુ સેટેલાઇટને એવો કોઈ અવરોધ નડશે નહીં. ગિરનારની ટોચે જેટલી સ્પીડ આવતી હશે એટલી જ સ્પીડ સાસણના જંગલમાં અને ધોળાવીરામાં પણ આવશે. આકાશમાં નિયત સ્થળે સેટ થયેલા એકથી વધુ સેટેલાઇટ તેમના ગ્રાહકને એક નહીં, તો બીજા સેટેલાઇટમાં જોડાણ કરાવીને ડેટાની સર્વિસ ચાલતી રહે તેનું ધ્યાન રાખશે.

પણ એ માટે પાંચ-પચ્ચીસ સેટેલાઇટથી ચાલે નહીં. સંખ્યાબંધ સેટેલાઇટ લૉંચ કરીને આખી ભ્રમણકક્ષાને ઉપગ્રહોથી સજ્જ કરવી પડે. જો થોડાક સેટેલાઇટ હોય તો જે

સેટેલાઇટ વપરાશકારને ઇન્ટરનેટ આપતો હોય એ ડિવાઇસની રેન્જ બહાર જાય કે કનેક્ટિવિટી ખોરવાઈ જાય. આવું ન થાય તે માટે પૃથ્વીથી અંદાજે ૫૫૦-૬૦૦ કિલોમીટરની ઊંચાઈએ હજારો ઇન્ટરનેટ સેટેલાઇટ ગોઠવવા પડે. સેટેલાઇટ ઇન્ટરનેટ કેવી રીતે કામ કરશે તે એક ઉદાહરણથી સમજીએ : ઈલોન મસ્કની સ્ટારલિંક કંપની દુનિયાભરમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સર્વિસ આપવાનો આશય ધરાવે છે. ૨૦૧૬થી આ માટેના પ્રયાસો હાથ ધરાયા હતા. તેના ભાગ રૂપે મસ્કની કંપનીએ ૧૨ હજાર જેટલા સેટેલાઇટ પૃથ્વીની ભ્રમણકક્ષાથી ૫૫૦-૬૦૦ કિલોમીટરની ઊંચાઈએ ભ્રમણ કરતા કરી દીધા છે. હજી બીજા ૩૦ હજાર સેટેલાઇટ લૉંચ કરવાની યોજના છે. સ્ટારલિંકની યોજના કુલ ૪૨,૦૦૦ ઇન્ટરનેટ સેટેલાઇટ ફરતા કરવાની છે. એક વખત ૪૨ હજાર ઇન્ટરનેટ સેટેલાઇટ ભ્રમણકક્ષામાં સેટ થઈ જશે પછી સ્ટારલિંક દુનિયાભરના ઇન્ટરનેટ વિહોણા ૩૦૦ કરોડ યુઝર્સને ઇન્ટરનેટ સેવા આપવા માટે સક્ષમ બની જશે. એમાંથી દોઢેક કરોડ યુઝર્સને પણ પોતાની તરફ વાળવામાં મસ્કને સફળતા મળશે તો અબજો ડૉલરની કમાણી થશે. ગણતરીનાં વર્ષોમાં જ સેટેલાઇટ લૉંચિંગ પાછળ થયેલો ખર્ચ રિકવર થઈ જશે. આમેય અત્યારે સ્ટારલિંક ૧૨ હજાર સેટેલાઇટની મદદથી પચ્ચીસેક દેશોના દોઢેક લાખ યુઝર્સને ઇન્ટરનેટ સેવા આપે જ છે. જેમ જેમ ઉપગ્રહો ભ્રમણકક્ષામાં સેટ થતા જશે, તેમ તેમ દેશ અને ગ્રાહકોની સંખ્યા ઉમેરાતી જશે.

માત્ર ઈલોન મસ્ક નહીં, આપણે અગાઉ જોયું એમ દુનિયાના ટોચના ઉદ્યોગપતિઓની નજર ઇન્ટરનેટ સેટેલાઇટના બિઝનેસ પર છે. મસ્કના સૌથી નજીકના હરીફ એમેઝોનના જેફ બેઝોસે એમેઝોન ક્યુઆઈ પર પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ વર્ષના અંત સુધીમાં એમેઝોન પ્રથમ ઇન્ટરનેટ સેટેલાઇટ લૉંચ કરશે. પ્રારંભમાં ૩૨૩૬ સેટેલાઇટ લૉંચ કરવાની એમેઝોનની યોજના છે. ૧૨ ગ્રાઉન્ડ સ્ટેશન બનાવીને તેના મારફતે વપરાશકારને ઇન્ટરનેટ આપવાનું બેઝોસે વિચાર્યું છે અને એ માટે ૧૦ અબજ ડૉલરનું ફંડ ફાળવાશે.

ફેસબુકના માર્ક ઝકરબર્ગે ઇન્ટરનેટ સેટેલાઇટ ટીમ બનાવી હતી, પરંતુ હવે ઝકરબર્ગનું ધ્યાન વર્ચ્યુઅલ રિઆલિટી તરફ હોવાથી એ પ્રોજેક્ટ એમેઝોનને વેચી દીધો. બ્રિટનની વન-વેબ કંપની પણ ૧૦ વર્ષ પહેલાં આ જ હેતુથી સ્થપાઈ હતી. ગ્રેગ વિલર નામના સંશોધકે આ કંપની સ્થાપી હતી. એમાં ભારતી એન્ટરપ્રાઇઝે ૪૨ ટકાનું રોકાણ કર્યું છે. એ રીતે હવે વન-વેબ સેટેલાઇટ ઇન્ટરનેટ પ્રોજેક્ટ સુનિલ મિત્તલના પ્રભુત્વ હેઠળ આગળ વધશે. આ કંપનીએ ૨૦૧૯માં પ્રથમ ઇન્ટરનેટ સેટેલાઇટ લૉંચ કર્યો હતો. અત્યાર સુધીમાં ૬૪૮ સેટેલાઇટ લૉંચ થઈ ચૂક્યા છે. મુકેશ અંબાણીની જિયો કંપનીએ જે એસઈએસ કંપની સાથે કરાર કર્યો છે તેના ૭૦ ઇન્ટરનેટ સેટેલાઇટ ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈ ચૂક્યા છે.

હ્યુજીસ નેટવર્ક સિસ્ટમ નામની અમેરિકન કંપનીએ પણ આ વ્યાપારમાં ઝંપલાવ્યું છે. ૫૧ વર્ષ જૂની આ કંપનીએ નજીકની ભ્રમણકક્ષાને બદલે દૂર ઉપગ્રહો સેટ કરવાની યોજના બનાવી છે. કંપની આ વર્ષે જ લેટેસ્ટ સેટેલાઇટ લૉંચ કરશે. અમેરિકાની જ

વાયાસેટ નામની કંપની વિશ્વભરમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સર્વિસ આપવાના હેતુથી મેદાને પડી છે. ૨૦૨૬ સુધીમાં ૨૮૮ સેટેલાઇટ વહેતા કરવા માટે કંપનીએ ફંડ ફાળવી દીધું છે.

કૅનેડાની ટેલસેટ કંપનીએ પૃથ્વીથી ૩૫ હજાર કિલોમીટરના અંતરે ૧૫ ઉપગ્રહો સ્થાપિત કર્યા છે. નીચલી ભ્રમણકક્ષામાં પણ ૨૯૮ સેટેલાઇટ સેટ કરીને લાઇટસ્પીડ નામનો પ્રોજેક્ટ કૅનેડિયન કંપનીએ શરૂ કર્યો છે. ફ્રાન્સની ઈયુટેલસેટ કંપનીએ ૪૬ હજાર કિલોરમીટર દૂરની ભ્રમણકક્ષામાં ૩૯ સેટેલાઇટ લૉંચ કર્યા છે, પરંતુ ૫૫૦-૬૦૦ કિલોમીટરની છીછરી ભ્રમણકક્ષામાં સંખ્યાબંધ સેટેલાઇટ લૉંચ કરીને સેટેલાઇટ ઇન્ટરનેટના બિઝનેસમાં ભાગ પડાવવાનું કંપનીનું આયોજન છે.

સેટેલાઇટ ઇન્ટરનેટના બિઝનેસમાં આ બધા માંધાતા ઉદ્યોગપતિઓ છે. હજુય ઘણી કંપનીઓ આમાં આવવા માગે છે. ૩૦૦ કરોડ સંભવિત ગ્રાહકોને પોતાની તરફ ખેંચવા માટે આ સ્પર્ધા શરૂ થઈ છે. અવરોધ વગર ઇન્ટરનેટ સર્વિસ આપવાની ક્ષમતા એ સેટેલાઇટ ઇન્ટરનેટનું સૌથી સબળ પાસું છે. સેટેલાઇટ ઇન્ટરનેટના ક્ષેત્રમાં મુશ્કેલી એક જ વાતની છે. મોટાભાગની કંપનીઓ લો-ઓર્બિટરમાં સેટેલાઇટ સેટ કરીને ઇન્ટરનેટ આપવા ધારે છે. તેના કારણે પૃથ્વીની ભ્રમણકક્ષાથી ૫૦૦-૬૦૦ કિલોમીટરની ઊંચાઈએ સેટેલાઇટનું જાળું રચાઈ જશે. જેમ કરોળિયાનું જાળું રચાય છે એમ પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા નાનકડા સેટેલાઇટનું જાળું બની જશે. તેના કારણે ભવિષ્યમાં અવકાશયાનોનો માર્ગ અવરોધાય એવી શક્યતા છે. ૨૧મી સદીના માનવીને હવે આકાશદર્શનનો સમય રહેતો નથી, પરંતુ જો આકાશદર્શન કરવું હશે તો એમાંય આ સેટેલાઇટ અને તેનો પ્રકાશ અવરોધરૂપ બનશે, પણ અત્યારે તો સેટેલાઇટ ઇન્ટરનેટના યુગનો આરંભ થઈ ગયો છે. પછીની વાત પછી. પાણી આવશે ત્યારે માનવી પાળ બાંધવા વળી નવા પ્રોજેક્ટ લૉંચ કરશે !

**– હર્ષ મેસવાણિયા**

## વાચકમિત્રોને

છેલ્લાં બાવીસ વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦નું મ. ઑ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ – એ સરનામે મોકલશો. ત્રણ વર્ષનું લવાજમ (૪૫૦ રૂ.) પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ કે ચેક **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો.

### ઈ-લવાજમની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

ઈ-લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા જાણ કરવી.

# અમીન શેખનાં સ્વપ્નાં



અમીન શેખ

મુંબઈના અંધેરી વિસ્તારમાં રહેતા અમીન શેખના ઘરમાં પ્રવેશતાં જ વ્હાઇટ બોર્ડ પર આડી અને ઊભી લીટીથી એક ટેબલ તૈયાર કરેલું છે, એના પર અનેક સ્વપ્નાંઓની યાદી લખેલી છે. જે સ્વપ્નાઓ પૂરાં થયાં છે તે લીલી શાહીથી અને જે પૂર્ણ કરવાનાં બાકી છે તે લાલ શાહીથી લખેલાં છે. લાઇબ્રેરી-કમ-કાફેનું એનું સ્વપ્ન છ-સાત વર્ષની મહેનતને અંતે પૂરું થયું. જેનું નામ છે 'બૉમ્બે ટુ બાર્સેલોના લાઇબ્રેરી કાફે'. આ કાફેમાંથી થતી આવકમાંથી તે મુંબઈની શેરીમાં રખડતાં બાળકોને રોજગારી તેમજ તેજસ્વી બાળકોને શિક્ષણ આપવા માગે છે.

ઉત્તર મુંબઈની ઝૂંપડપટ્ટીમાં અત્યંત ગરીબ પરિવારમાં જન્મેલા અમીનના પિતા ખૂબ દારૂ પીતા હતા. તેની માતાએ છૂટાછેડા લઈને ફરી લગ્ન કર્યાં, પરંતુ ઓરમાન પિતાને અમીન પસંદ નહીં. પાંચ વર્ષની ઉંમરે ચાની દુકાનમાં કામ કરતા અમીનને દસ કલાકના કામ પેટે બે રૂપિયા મળતા હતા ! એક દિવસ રમતાં રમતાં એના હાથે ગ્લાસ ફૂટી ગયા. ભયભીત બનેલો અમીન ત્યાંથી ભાગીને શેરીઓમાં રહેવા લાગ્યો અને રાત્રે રેલવેસ્ટેશન પર સૂઈ રહેતો. આ રીતે ત્રણ વર્ષ પસાર કરનાર અમીન કહે છે કે, 'જિંદગી જીવવી સહેલી નહોતી. ઘણી વાર કચરાના ડબ્બામાંથી બાફેલા બટાટા અને અનાજ વીણીને એણે પેટની આગ બુઝાવી છે.' અમીનને ઘણી બધી વખત એના ઘરે પાછો મૂકવામાં આવ્યો, પરંતુ તેના પિતાના ત્રાસમાંથી બચવા તે બધું સહન કરવા તૈયાર હતો. રખડતા અમીનને એક દિવસ સિસ્ટર સેરાફિન મળે છે અને તેઓ એને સ્નેહસદન લઈ જાય છે.

અમીને જોયું કે અહીં બધાં એકબીજાને બહુ ચાહે છે, પરંતુ એના શિસ્તબદ્ધ વાતાવરણમાં એને ફાવ્યું નહીં એટલે તે ત્યાંથી ભાગી નીકળ્યો. સ્નેહસદન છોડીને તેણે અખબારનો વ્યવસાય શરૂ કર્યો, કુરિયરમાં કામ કર્યું, સાંજે ગૅરેજમાં તેમજ ગાડી સાફ કરવાનું પણ કામ કર્યું. ત્યાં તે ડ્રાઇવિંગ પણ શીખ્યો. એક દિવસ ફાધર પ્લાસીએ એને સ્નેહસદનની ઑફિસમાં બોલાવ્યો અને કહ્યું કે આવતી કાલથી તેણે યૂસ્ટસ ફર્નાન્ડીઝને ત્યાં કામ કરવાનું છે. દર વર્ષે તેઓ સ્નેહસદનમાંથી સ્નાતક થયેલા કોઈ છોકરાને ઘરકામમાં મદદ કરવા બોલાવતા. અમીન કહે છે કે તેમનું ઘર એને માટે એક સ્વપ્ન સમાન હતું. મોટા રૂમ, સુંદર બગીચો, ચિત્રો વગેરે એવાં હતાં કે આવું ઘર

જિંદગીમાં ક્યારેય જોયું નહોતું. પરંતુ સૌથી મોટી મુશ્કેલી એ હતી કે તેઓ હિન્દી બોલી શકતા નહોતા અને અમીનને અંગ્રેજી આવડતું નહોતું. તેથી તેમણે ફાધર પ્લાસીને અંગ્રેજી બોલી શકે તેવી કોઈ વ્યક્તિ માટે કહ્યું. અમીને યૂસ્ટસ ફર્નાન્ડીઝને વિનંતી કરી કે બીજું કોઈ સારું કામ ન મળે ત્યાં સુધી છ મહિના એને તેમને ત્યાં રહેવા દે. એ સંબંધ છ મહિનાને બદલે ફર્નાન્ડીઝના મૃત્યુપર્યંત અર્થાત્ દસ વર્ષ સુધી ચાલ્યો.

અમીન કહે છે કે, 'ફર્નાન્ડીઝ બહુ મોટા કલાકાર, જેમણે અમૂલ ગર્લનું સર્જન કર્યું હતું. તેમને ત્યાં ફાધરે મને કામ કરવા મોકલ્યો હતો. એમને ત્યાં સફાઈ ઉપરાંત ડ્રાઇવર અને રસોઇયા તરીકે કામ કરતો. અહીં રહીને હું અંગ્રેજી શીખ્યો.'

પ્રત્યેક ક્રિસ્ટમસ વખતે ફર્નાન્ડીઝ અમીનને ભેટ આપતા હતા. દર વર્ષે ફર્નાન્ડીઝ તેમના બહેનને મળવા સ્પેનના બાર્સેલોના શહેરમાં જતા હતા. એક ક્રિસ્ટમસ વખતે અમીને કહ્યું કે, 'મને ક્રિસ્ટમસ ગિફ્ટમાં બાર્સેલોના લઈ જાઓ.' ફર્નાન્ડીઝ આઘાત અને આશ્ચર્ય સાથે અમીન સામે જોઈ રહ્યા, પરંતુ એની માગણી મંજૂર રાખીને તેને દોઢ મહિના માટે બાર્સેલોના લઈ ગયા. અમીન કહે છે કે, 'મેં ત્યાં જોયું કે કોઈ બાળક ભીખ માગતું નહોતું અને મારી સાથે કોઈ ભેદભાવ રાખતું નહોતું.' પછી તો તે દર બે વર્ષે ત્યાં જતો અને બાર્સેલોનામાં એને ઘણા મિત્રો પણ બન્યા.

ફર્નાન્ડીઝની મદદ અને માર્ગદર્શનથી ૨૦૦૨માં અમીને પોતાની ગાડી ખરીદી અને 'સ્નેહા ટ્રાવેલ્સ' શરૂ કરી. ૨૦૧૦માં ફર્નાન્ડીઝનું અવસાન થયું. ત્યારથી અમીનના મનમાં એમની સ્મૃતિમાં બધાથી કંઈક અલગ કરવાની ઇચ્છા હતી અને તેમાંથી આ લાઇબ્રેરી કાફેનો જન્મ થયો. તે જ્યારે બાર્સેલોના જતો ત્યારે તે જોતો કે ત્યાંના લોકો લાઇબ્રેરીમાંથી કેટલી સહેલાઈથી પુસ્તકો મેળવીને વાંચે છે ! તેને બહુ વાંચતાં તો આવડતું નહોતું, પરંતુ લોકોને વાંચતા જોઈને તે એટલો પ્રભાવિત થયો કે એણે લાઇબ્રેરી કાફે શરૂ કર્યું. સામાન્ય દેખાતી આ કાફેનો હેતુ અસામાન્ય છે અને તેનું લક્ષ્ય એક જ છે કે સામાન્ય માનવીને પોસાય તેવી વાનગી મળે અને માનવીનું ગૌરવ જળવાય.

અમીન શેખની ડૉક્ટર મિત્ર માર્ટાએ ઓડિસા અને નેપાળમાં હૉસ્પિટલ માટે ફંડ એકત્ર કરવા પુસ્તક લખ્યું. તેની જાણ થતાં એણે પૂછ્યું કે, 'ડૉક્ટર હોવા છતાં એણે પુસ્તક કેવી રીતે લખ્યું.' ત્યારે માર્ટાએ કહ્યું કે, 'પુસ્તક તો કોઈ પણ લખી શકે.' ઘણા વખતથી લખવાની ઇચ્છા ધરાવતા અમીને 'બૉમ્બે – મુંબઈ : લાઇફ ઇઝ લાઇફ - આઇ એમ બિકોઝ ઑફ યૂ !' નામની આત્મકથા લખી. તેને આત્મકથા કોને કહેવાય તે ખબર નહોતી, પરંતુ આઠ વર્ષના સાહિર ડિસોઝા અને તેનાં માતા-પિતાએ અમીનને પુસ્તક લખવામાં મદદ કરી અને અગિયાર મહિનામાં આ પુસ્તક પૂરું થયું. જેનો આઠ ભાષામાં અનુવાદ થયો છે અને બાર હજાર નકલ વેચાઈ ચૂકી છે. તેઓ કહે છે કે, મુંબઈ પ્રત્યેનો મારો પ્રેમ અવર્ણનીય છે. મારા માટે આ શ્રેષ્ઠ જગ્યા છે, કારણ કે અહીં આશાઓ અને સ્વપ્નાંઓ ફળે છે.'

**– પ્રીતિ શાહ**

હાસ્ય

# બદલાતાં રહેતાં પગરખાંની કથા

એક વાર હું ચંપલ પહેરીને બહાર જતો હતો ત્યારે મારો પૌત્ર એના પપ્પા સામે જોઈને બોલી ઊઠ્યો, 'પપ્પા! પપ્પા! દાદાજીની એક ચંપલ સાવ નવી છે ને એક ચંપલ સાવ જૂની છે, એ તમે જોયું ?' મેં ચમકીને એકદમ ચંપલ સામે જોયું. પૌત્રની વાત સાચી હતી. બંને ચંપલનાં રંગ અને ડિઝાઈન બિલકુલ સરખાં હતાં, પણ બંનેની ઉંમરમાં ખાસ્સો તફાવત હતો. એક પગમાં મેં ત્રણ વર્ષ પહેલાં ખરીદેલી ચંપલમાંની એક હતી અને બીજા પગમાં કોઈકે તાજી ખરીદી હોય એવી નવીનકોર હતી. આ નવી ચંપલ મારા પગના માપ કરતાં ખાસ્સી મોટી પણ હતી, પણ પૌત્રે ધ્યાન ન દોર્યું ત્યાં સુધી મારા ખ્યાલમાં નહોતું આવ્યું. જોકે મારા માટે આ નવું નહોતું. ચંપલ પહેરીને ચંપલ શોધતો હોઉં કે ચશ્માં પહેર્યાં હોય તોયે ચશ્માં શોધતો હોઉં એવું પણ ઘણી વાર બન્યું છે. હું જો સ્ત્રી હોત તો 'કાખમાં છોકરું ને ગામમાં શોધે' એ કહેવત મેં અનેક વાર સાચી પાડી હોત !

પાંચેક દિવસ પર હું એક મિત્રને ત્યાં બેસણામાં ગયો હતો. એ વખતે કાં તો કોઈ ઉતાવળમાં મારી એક જૂની ચંપલ પહેરીને જતું રહ્યું હોય અથવા હું કોઈની નવી ચંપલ પહેરીને આવી ગયો હોઉં. આ બીજી સંભાવના ઘણી પ્રબળ છે એમ બીજાંઓ તો માને જ છે, પણ મનેય એવું લાગે છે. હું નિવૃત્ત થયો તે પહેલાં પેન-બૉલપેનની બાબતમાં મારી આ પ્રકારની આબરૂ ઘણી જામેલી હતી. કોઈની પાસેથી પેન-બૉલપેન લઉં પછી એમ જ મારા ખિસ્સામાં નાખી ચાલતી પકડું. એ જ પેન પાછી ક્યાંક મૂકતો આવું એવું પણ બનતું. મારી પોતાની પેન પણ ક્યાંક મૂકી આવું એવુંય બનતું. પણ વધારે કિસ્સા કોઈકની પેન લઈ આવ્યાના બનતા. પેનના માલિકનું તરત ધ્યાન જાય તો તે પાછળ દોડતો આવે, પણ જો ધ્યાન ન ગયું તો પેન-બૉલપેન ગઈ જ સમજો ! ઑફિસમાં કોઈની પેન ખોવાય કે તરત જ છાપાની ભાષામાં કહું તો શંકાની સોય મારા તરફ તકાતી, તકાતી એટલું જ નહિ, સ્થિર થઈ જતી. એ જ રીતે પોસ્ટઑફિસમાં, બૅન્કમાં કોઈકની પેન-બૉલપેન લીધી હોય અને પછી લઈને આવતો રહ્યો હોઉં એવા કિસ્સાય ઘણા છે. જે રીતે રાખી પાડવાની બિલકુલ દાનત ન હોવા છતાં મૂળ માલિક કોણ છે એ ભૂલી જવાને કારણે મારી પાસે બે નંબરનાં વીસ-પચ્ચીસ પુસ્તકો રહી પડ્યાં છે એ જ રીતે રાખી પાડવાની કશી દાનત ન હોવા છતાં કોઈકની પાંચ બૉલપેન અને ત્રણ ફાઉન્ટન પેન મારી પાસે રહી ગઈ છે. લઈ આવ્યો હોઈશ તો આના કરતાં ઘણી વધારે પણ એમાંની થોડીક પાછી ક્યાંક મૂકી આવ્યો હોઈશ. આ લેખ વાંચનારાંઓમાંથી કોઈએ પણ અજાણ્યા શખ્સને પોસ્ટઑફિસમાં અને/અથવા બૅન્કમાં પેન અથવા બૉલપેન આપી હોય અને એ અજાણ્યો શખ્સ હું હોઈ શકું એમ માની નિશાની આપી

પેન/બૉલપેન લઈ જવી. એ પેન/બૉલપેન હું પાછો ક્યાંક મૂકી આવ્યો નહીં હોઉં તો અચૂક પાછી આપીશ.

—પણ હું કોઈકની એક ચંપલ ઉઠાવી લાવ્યો હોઉં એવી આ પહેલી (દૂર્)ઘટના હતી. જોકે આમાંય મને નુકસાન હતું. ખબર નહોતી ત્યાં સુધી નવી ચંપલ મોટી નહોતી પડતી. એક નવી ને એક જૂની ચંપલ ખરાબ લાગે છે એવોય ખ્યાલ નહોતો આવ્યો. પણ ખબર પડ્યા પછી નવી ચંપલ મોટી લાગવા માંડી. પગમાંથી નીકળી પણ જવા માંડી. એક નવી ને એક જૂની ચંપલ પહેરીને બહાર જવાનું ખરાબ પણ લાગવા માંડ્યું. એવામાં એક દિવસ એક માણસ ઉઘાડા પગે ઘેર આવ્યો ને જૂના ચંપલ-બૂટ હોય તો આપવા વિનંતી કરી. મેં આ એક નવી ને એક જૂની ચંપલની ઑફર કરી. એણે મારી ઑફર સહર્ષ સ્વીકારી.

જેમને ઘેરથી હું નવી ચંપલ ઉઠાવી લાવ્યો હતો એ મિત્ર અઠવાડિયા પછી એક સજ્જનને લઈને ઘેર આવ્યા. મને કહ્યું, ‘જે દિવસે તમે મારે ત્યાં આવ્યા હતા તે દિવસે તમારી એક ચંપલ જો બદલાઈ ગઈ હોય તો એ આ મિત્રની હોવાનો સંભવ છે. હું ચંપલની અદલાબદલી કરવા એમને લઈ આવ્યો છું.’ મેં પેલા સજ્જનના ચરણકમલ તરફ જોયું. વાત સાચી હતી ! એમણે એક નવી ચંપલ અને એક જૂની ચંપલ પહેરી હતી ! જૂની ચંપલને જોતાં જ આત્માએ આત્માને ઓળખ્યો; પરંતુ એમને હું એમની ચંપલ સાભાર પરત કરી શકું એમ નહોતો એટલે ચંપલ પરત ન આપી શકવા બદલ ખેદ પ્રગટ કરીને ચંપલને બદલે મેં સલાહ આપી : તમે પણ મારી જેમ ચંપલ-દાન કરો. અલબત્ત, એમણે મારી સલાહ માની કે નહીં તે અંગે મેં મારા મિત્રને પૂછ્યું નથી.

કર્મના સિદ્ધાંત પ્રમાણે બીજાની પેન કે ચંપલ ઉઠાવી લાવનાર એવા મેં બે વાર - ભલે અલ્પ સમય માટે - મારાં સૅન્ડલ ગુમાવ્યાં હતાં. એ પણ આવા એક બેસણામાં જ. વર્ષો પહેલાં એક મિત્રનાં પત્નીના બેસણામાં ગયો હતો. ત્યાંથી આપણા એક જાણીતા કવિ મારાં સૅન્ડલ પહેરીને જતા રહેલા. (જોકે કવિ સૅન્ડલ પહેરી ગયા છે એવી ખબર તો પછી પડી. મારાં સૅન્ડલ પહેરી ગયા પછી કવિ કવિતા ઉપરાંત હાસ્યલેખો પણ લખતા થયા છે.) એ દિવસે બેસણામાંથી ઊઠીને જોયું તો સૅન્ડલ દીસે નહિ ! એક જોડી જૂની ચંપલ પડી હતી. પણ હું તો સૅન્ડલ પહેરીને આવ્યો હતો. (અથવા તો વધુ સાચી રીતે કહું તો મારી પાસે એ વખતે માત્ર એક જોડી સૅન્ડલ જ હતાં.) એટલે પછી મિત્રની સ્લીપર પહેરી ઘેર આવ્યો હતો. આ પછી કેટલાક દિવસો બાદ મારાં સૅન્ડલનું અપહરણ કરનારા કવિમિત્રને ઘેર જવાનું થયું. મારાં સૅન્ડલ જેવાં જ સૅન્ડલ એમને ઘેર પડ્યાં હતાં અને તે પણ એક જોડી નહિ, બે જોડી ! હું ચમક્યો. મેં કવિને પૂછ્યું - ‘તમે જોડિયા ભાઈઓ જેવાં એકસરખાં દેખાતાં આ બે જોડી સૅન્ડલ કેમ રાખ્યાં છે ?’ કવિએ કહ્યું, ‘એક વાર હું ચંપલ પહેરીને ઘેરથી નીકળ્યો હતો ને સૅન્ડલ પહેરીને ઘેર પાછો આવ્યો હતો.’ મારા મગજમાં એકદમ પ્રકાશ થયો. મેં કહ્યું, ‘તમે ફલાણાભાઈને ત્યાં બેસણામાં ગયા હતા અને ત્યાંથી આ સૅન્ડલ પહેરીને આવ્યા છો, રાઈટ ?’

'એવું જ લાગે છે. યાદ છે ત્યાં સુધી એ દિવસે જ..., પણ તમને કેવી રીતે ખબર પડી ?' કવિએ આશ્ચર્યથી પૂછ્યું.

'આમાંથી એક જોડી સૅન્ડલ મારાં છે. એ દિવસે હું સૅન્ડલ પહેરીને ગયો હતો અને એ સૅન્ડલ ત્યાંથી ઊપડી ગયાં હતાં.' મેં સ્પષ્ટતા કરી.

'તો તમારાં સૅન્ડલ લઈ જાવ ત્યારે.' કવિએ સાહજિકતાથી કહી દીધું. પણ મારા માટે એમ કરવું સહેલું નહોતું. મેં કહ્યું, 'પહેલાં તમે તમારાં સૅન્ડલ જુદાં મૂકી દો પછી જે રહે તે હું લઈ જાઉં.'

'એમ કરવાનું જરા કઠિન છે.' કવિ વદ્યા. 'હું જે દિવસે આકસ્મિક રીતે સૅન્ડલ પહેરી લાવેલો તે દિવસે તો બંને જોડી સૅન્ડલ સાથે મૂકેલાં અને કવિતાની ડાયરીમાં હાંસિયામાં લખી નાખેલું કે ડાબી બાજુનાં સૅન્ડલ કોઈકનાં છે, પણ પછી બીજે દિવસે કચરા-પોતાં કરનાર છોકરાએ ચારેચાર સૅન્ડલ બૂટ-ચંપલના કબાટમાં જુદાં જુદાં ખાનામાં મૂકી દીધાં. પછી મેં પાછાં ગોઠવીને આ ખૂણામાં મુકાવ્યાં ને ત્યાં જ રહેવા દેવાની સૂચના આપી. પણ આ પછી મારાં સૅન્ડલ કયાં અને હું પહેરી લાવ્યો છું એ સૅન્ડલ કયાં એ વિશે હું દ્વિધામાં પડી ગયો છું. એટલું જ નહિ, મેં જે ચાર સૅન્ડલને બે ભાગમાં વહેંચ્યાં છે તેમાં પણ મૂળ સૅન્ડલ પ્રમાણે જ ભાગ પાડ્યા હશે કે કેમ એ વિશે પણ હું સાશંક છું.' અમે બંને મૂંઝાયા. લક્ષ્મણજી સીતામાતાને દરરોજ પગે લાગતા હતા એ કારણે માતાજીના પગનાં ઘરેણાં તરત ઓળખી શકેલા. પણ અમને બેમાંથી કોઈને કોઈ ક્યારેય પગે લાગતું નથી. એટલે અન્ય કોઈનું માર્ગદર્શન સુલભ નહોતું. મેં કહ્યું, 'સાચું છે કે ખોટું એ હું જાણતો નથી, પરંતુ એમ કહેવાય છે કે ગાંધીજીને કોઈક નિર્ણય કરવામાં દ્વિધા થતી ત્યારે તેઓ ચિઠ્ઠી નાખતા ને પોતે જ ઉપાડતા. આપણે ચિઠ્ઠી નાખીએ.' કવિએ મારી દરખાસ્ત માન્ય રાખી. અમે સૅન્ડલને નંબર આપ્યા. ચિઠ્ઠીમાં નંબર લખ્યા. ચિઠ્ઠીઓ ઉપાડી. કયાં સૅન્ડલ કોણે રાખવાં એ નક્કી કર્યું.

એક વાર એક લેખકમિત્રના પૌત્રની પહેલી વર્ષગાંઠ નિમિત્તે પાર્ટી હતી. પાર્ટીમાં સારી એવી સંખ્યામાં કવિઓ-લેખકો ઉપસ્થિત હતા. (એક કવિ તો એક વર્ષના બાબાને ઉદ્દેશીને શુભેચ્છા-કાવ્ય પણ લખી લાવ્યા હતા એટલું જ નહિ, એમણે સો પંક્તિનું એ કાવ્ય બાબાને સંભળાવવાનો આગ્રહ પણ રાખ્યો હતો. આ કારણે ભોજન શરૂ થવામાં વિલંબ પણ થયો હતો.) પાર્ટી ફ્લૅટની અગાશી પર હતી. એટલે સૌ યજમાનના ફ્લૅટ પાસે બૂટ-ચંપલ કાઢીને ઉપર ગયા. પાર્ટી પૂરી થયા પછી સૌ નીચે આવ્યા. મેં જોયું તો મારાં સૅન્ડલનું ફરી અપહરણ થયું હતું ! પહેલી વાર અપહરણ કરનાર કવિમિત્ર તો અઠવાડિયાથી બહારગામ હતા, એટલે એમના પર શક કરવાનું શક્ય નહોતું. હું સૅન્ડલ શોધી રહ્યો હતો એ જાણી ચાર-પાંચ મિત્રો શોધવામાં મદદ કરવા લાગ્યા. એક નિવૃત્ત પોલીસઑફિસર મિત્રે તો કેટલાય પ્રશ્નો પૂછી નાખ્યા. 'સૅન્ડલ નવાં હતાં કે જૂનાં હતાં ? સૅન્ડલ રંગે કેવાં હતાં ? સૅન્ડલની સાઈઝ ? આજે તમે સૅન્ડલ પહેરીને જ આવ્યા હતા એમ ખાતરીપૂર્વક કહી શકો ? સૅન્ડલ ક્યાં ઉતાર્યાં હતાં એ વિશે તમે ચોક્કસ છો ?' વગેરે. આ પ્રશ્નોના મેં આવડ્યા એવા ઉત્તરો આપ્યા.

સૅન્ડલની સાઇઝ નક્કી કરવા તો મારે ફરી બૂટ-ચંપલની દુકાને જવું પડે. દુકાને જઈ હું જુદાં જુદાં સૅન્ડલ પહેરું, મને કયાં સૅન્ડલ બરાબર આવી રહે છે એ દુકાનદારની મદદથી નક્કી કરું પછી સાઇઝ વિશે કહી શકું. મેં સૅન્ડલ પહેર્યાં હોય તો હું સૅન્ડલ પહેરીને આવ્યો છું એટલું ખાતરીપૂર્વક કહી શકું. પણ મારાં જ સૅન્ડલ પહેરીને આવ્યો છું એવું ન કહી શકું. પુત્રની ને મારી ચંપલનું માપ બિલકુલ સરખું નથી. ડિઝાઇન સરખી નથી છતાં પુત્રની ચંપલ પહેરી લઉં છું ત્યારે મારી પૌત્રી મેં કરેલા ગોટાળા અંગે મારું ધ્યાન દોરે છે. ખેર ! પણ એ દિવસે બધાંનાં બૂટ-ચંપલ પહેરાઈ રહ્યાં એ પછી એક જોડી સૅન્ડલ વધ્યાં. એકાએક મને અને બીજા બે-ચાર મિત્રોને યાદ આવ્યું કે એક હાસ્યલેખક મિત્ર વહેલા ઘેર ગયા હતા એ પહેરી ગયા હશે ! એમનાં સૅન્ડલ ઘણાં નાનાં હતાં. મારાં સૅન્ડલ સાથે એમનાં સૅન્ડલની ડિઝાઇન સહેજે મળતી આવતી નહોતી ને છતાં એ જ પહેરી ગયા હશે એમાં કોઈનેય પણ શંકા નહોતી.

એમનાં સૅન્ડલમાં મારા પગ પ્રવેશી શકે એમ નહોતા એટલે એમનાં બેઉ સૅન્ડલ હાથમાં ધારણ કરી, રિક્ષામાં બેસી, ઉઘાડા પગે હું એમને ઘેર ગયો. મિત્ર મળ્યા. મેં એમને પૂછ્યું, 'આ સૅન્ડલ તમારાં છે ?'

'હા, હા, છે તો મારાં જ. પણ તમારી પાસે ક્યાંથી ?'

મારાં સૅન્ડલ ત્યાં પડ્યાં જ હતાં એ બતાવી મેં એમને કહ્યું, 'આ મારાં સૅન્ડલ તમારી પાસે છે એટલે.'

'ઓહો ! એમ વાત છે. ચાલો ત્યારે, આ મુદ્દા પર કૉફી થઈ જાય.' એમને ત્યાં કૉફી પી મારાં સૅન્ડલ પહેરી હું ઘેર આવ્યો. આ હાસ્યલેખક મિત્ર તો મારા પહેલાંથી હાસ્યલેખો લખે છે, મારાથી સારું લખે છે, એટલે એમના હાસ્યલેખનનો યશ મારાં સૅન્ડલને આપી શકાય તેમ નથી.

થોડા સમય પહેલાં એક મિત્રના સ્ટુડિયોમાં નાનકડું ફંક્શન હતું. આ ફંક્શનમાંથી થોડા વહેલા નીકળેલા એક મિત્ર મારા બૂટ પહેરીને જતા રહ્યા. ફંક્શન પૂરું થયા પછી સૌએ પોતપોતાનાં પગરખાં પહેરી લીધાં. પણ મારા બૂટ ત્યાં નહોતા. અલબત્ત, એક જોડી બૂટ પડ્યા હતા. એક જ મિત્ર વહેલા ગયેલા એટલે એ જ પહેરી ગયા હશે એમ સર્વાનુમતે નક્કી થયું. મેં સંકોચ સાથે એમને ફોન કર્યો. મેં ફોન કર્યો ત્યારે જ એમણે બૂટ ભણી નજર કરી. એમણે મારા બૂટ પહેરી જવા બદલ દિલગીરી વ્યક્ત કરી, અને કહ્યું, 'હવે અત્યારે તો તમે મારા બૂટ પહેરી લો. કાલે ઑફિસે જતી વખતે હું તમારા ઘેર આવીશ ને આપણે બૂટની આપ-લે કરીશું.

આ મિત્ર એક પાક્ષિકના તંત્રી છે ને ઘણા મોટા માણસ છે. રૂઢિપ્રયોગોના અર્થમાં તો એમના પગરખામાં મારો પગ નાખી શકાય તેમ નથી. પણ ભૌતિક અર્થમાં એમના બૂટ બિલકુલ મારા માપના હતા અને બિલકુલ નવા હતા. કદાચ એમણે પહેલી વાર જ પહેર્યા હશે. આ નવા બૂટ કોના છે તે નક્કી ન થઈ શક્યું હોત તો હું નવા બૂટની જાહોજલાલી ભોગવી શકત એવો ન આવવા જેવો વિચાર પણ મને આવી ગયો હતો.

અલબત્ત, એ સાંજે તો હું નવાનકોર બૂટ પહેરીને ઘેર જઈ શક્યો. બીજે દિવસે મિત્ર આવ્યા ને અમે બૂટ બદલ્યા. મારા ઘેર આવવા માટે આ મિત્રને ઘણી વાર નિમંત્રણ આપેલું, પણ રોકાણોને લીધે એ આવી શકતા નહોતા. એ દિવસે બદલાયેલા બૂટે એમના પગને મારા ઘર તરફ વાળ્યા.

અત્યારે હું જે બૂટ પહેરું છું તે આમ તો એક્સચેંજમાં જ આવેલા છે. એક મિત્રની પુત્રીના લગ્નમાં કોઈ મારા ઓરિજિનલ બૂટ પહેરી ગયું હતું. અલબત્ત, આમાં 'નહિ નફો, નહિ નુકસાન' જેવું થયું છે. મારા બૂટની કંડિશન સારી નહોતી, તેમ આ બૂટની કંડિશન પણ સારી નથી. પણ ગુણગ્રાહી દૃષ્ટિથી જોઈએ તો લાભ થયાનો ભાવ પણ અનુભવી શકાય એમ છે. પેલા બૂટ થોડા મોટા પડતા હતા, આ બૂટ બિલકુલ માપના છે.

- આવું છે - કોઈ વાર બીજાને કારણે ને કોઈ વાર મારા કારણે - મારાં પગરખાં બદલાતાં રહે છે !

**— રતિલાલ બોરીસાગર**

---

## શિક્ષણવિકાસના ધ્રુવતારક

'શિક્ષણવિકાસના ધ્રુવતારક ડૉ. દાઉદભાઈ ઘાંચી'એ ગુજરાતના શિક્ષણયાજ્ઞિક - શિક્ષકત્વનો આદર્શ એવા ખરા અર્થમાં પ્રતિભાપુરુષ ડૉ. દાઉદભાઈસાહેબનાં બહુઆયામી અને બહુશ્રુત વ્યક્તિત્વ તેમજ તેમના દૂરંદેશિતાશીલ અને વિદ્વત્ત પ્રદાનને તેમના કેટલાક વિદ્યાર્થીઓ, સાથી અધ્યાપકો, કૉલેજ સંચાલક મંડળના સભ્યશ્રીઓ ઉપરાંત તેમના સંપર્કમાં આવેલા વિદ્યાનુરાગીઓ, સ્નેહીજનો વગેરે સૌએ તેમને જેવા માણ્યા/અનુભવ્યા તેનાં સુરેખ શબ્દચિત્રો વર્ણવતો ગ્રંથ બની મહોરી રહ્યો છે. પ્રત્યેક લેખમાં અભિવ્યક્ત અનુભવજન્ય તરોતાજગીપૂર્ણ વિચાર-વારસો અને સૌષ્ઠવપૂર્ણ ભાષા-શૈલી ધ્યાનાર્હ બની રહે છે. આ દૃષ્ટિએ પ્રત્યેક લેખ સુગ્રથિતમાળાના અણમોલ મોતી સમાન મૂલ્યવાન બની રહે છે. આ સાથે જ અહીં ડૉ. દાઉદભાઈસાહેબ કૃત ૮ લેખોનો સમાવેશ કરવામાં સંપાદકોની દૂરદૃષ્ટિનાં દર્શન થાય છે. આ એટલા માટે કે ડૉ. દાઉદભાઈસાહેબ વિશે જે લખાયું છે, એટલે કે તેમનું વિદગ્ધ વક્તૃત્વ, લેખનકળા, વિચારવારસો વગેરેનું પ્રત્યક્ષ નિદર્શન આ લેખોના માધ્યમથી થાય છે. તેમના ગ્રંથસ્થ લેખો પૈકી તેમના જીવન, શિક્ષણ અને વ્યવસાયિક કારકિર્દીને નિખાલસતાથી ઉજાગર કરી આપવાની સાથે તત્કાલીન સામાજિક-શૈક્ષણિક પરિવેશને વાચા આપવાની સાથે પોતાના ગુરુજનોનું નામસ્મરણ કરી તેમના પ્રતિ સાદર ઋણસ્વીકાર કરતું આત્મવૃત્ત 'મારી જ્ઞાનસેવાયાત્રા' (પૃ. ૨૦-૩૦) સૌ કોઈ માટે પ્રેરણાદાયી બની રહેવાની સાથે સંતૃપ્તિનો ઓડકાર અપાવે તેવું સત્ત્વશીલ છે. ગ્રંથસ્થ સઘળા લેખોનો મુકુટમણિ છે.

**- મણિભાઈ પ્રજાપતિ**

('સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત'માંથી)

# પંચામૃતનો પારાવાર



હેમરાજભાઈ શાહ

વેણીભાઈ પુરોહિતનું એક જાણીતું ગીત છે : 'હું પોતે મારામાં છલકું, પંચામૃતનો પારાવાર.' હેમરાજ શાહનું વ્યક્તિત્વ પણ પંચામૃત જેવું છે. એ પોતાના વ્યવસાયને દક્ષતાથી સંભાળે છે, રાજકારણમાં સક્રિયપણે સામેલ રહે છે, મુંબઈના ગુજરાતીઓની નાનીમોટી તકલીફ દૂર કરવા હંમેશ પ્રયત્નશીલ રહે છે, જુદી જુદી સંસ્થાઓનું કામકાજ કુશળતાથી સંભાળે છે અને આ બધાં કામો સાથે સતત લખતા-લખાવતા રહે છે. તેમનાં પોતાનાં લખેલાં અને સંપાદન કરેલાં પુસ્તકોની સંખ્યા હવે તો પચાસને આંબી ગઈ છે.

હેમરાજભાઈ એટલે એક સદા મલકાતું અને છલકાતું વ્યક્તિત્વ. વીસ કરતાં વધુ વરસના પરિચયમાં આ લખનારાએ તેમને ગુસ્સે થતા તો શું, અકળાતા પણ ભાગ્યે જ જોયા છે. તેઓ સતત બદલાતા રહેવામાં માને છે, વિસ્તરતા રહેવામાં માને છે. શરૂઆતમાં કચ્છી સમાજ માટે શરૂ કરેલી પ્રવૃત્તિઓનો વ્યાપ ધીરે ધીરે વધતો ગયો અને તેમાં મુંબઈના ગુજરાતીઓ, મુંબઈનાં અખબારો, ગુજરાતી સાહિત્ય, પુસ્તક પ્રકાશન વગેરે માટેની પ્રવૃત્તિ, ગુજરાતી મુસાફરો માટેનું અતિથિગૃહ – એમ વિવિધ પ્રવૃત્તિઓ ઉમેરાતી ગઈ.

તેઓ આટઆટલી પ્રવૃત્તિ કરી શકે છે, કારણ તેઓ 'એકલા ચલો રે'માં નહિ, પણ 'સાથી હાથ બઢાના'માં, બીજાને સાથે લઈને ચાલવામાં માને છે. કોઈ નવી પ્રવૃત્તિ કે સંસ્થા શરૂ કરે પછી તેને પોતીકી જાગીર માનતા નથી. સામા માણસને માપવાની અને પામવાની તેમનામાં જબરી કુનેહ છે. એટલે કઈ વ્યક્તિ કયું કામ સારી રીતે કરશે એ તેઓ પામી જાય છે અને તેને સાથે રાખે છે. એક વાર કામ સોંપ્યું પછી નાની નાની વાતમાં દખલ કરતા નથી, પણ તેમની ચકોર નજર એ કામ કે સંસ્થા પર ફરતી તો હોય જ છે. તેઓ આટઆટલાં કામ કરી શકે છે એનું એક કારણ એ પણ ખરું કે બીજાનો સાથ લેવા છતાં તેઓ 'આત્મનિર્ભર' છે. છેલ્લાં વીસેક વરસમાં આ લખનારને તેમના તરફથી કેટલાંય પત્રો, પરિપત્રો, આમંત્રણ વગેરે મળ્યાં છે. પત્ર કે આમંત્રણ તો જાતે જ લખે, પણ કવર પર સરનામું પણ પોતે જ કરે. નહિતર તેમની પોતાની ઑફિસ છે, સ્ટાફ છે જે કમ્પ્યૂટર વાપરે છે અને છતાં કવર પર સરનામું લખવા જેવું કામ પણ હેમરાજભાઈ જાતે જ કરે છે.

આનું કારણ એ છે કે તેઓ પૂરેપૂરા આપકર્મી છે. ક્યાં જન્મભૂમિ સામખીયારી જેવું કચ્છનું નાનું ગામ, ક્યાં મુંબઈ આવી, ભાઈને ઘેર રહી, એ ઘરમાં જગ્યાના અભાવને લીધે રાતે ફૂટપાથ પર સૂઈ રહેનારો કિશોર. પછી ભણવા માટે બોર્ડિંગમાં રહ્યો. જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં દાખલ થયો, પણ સંજોગવશાત્ અભ્યાસ છોડી સ્ટેશનરીની નાનકડી દુકાન શરૂ કરી. આપબળે એક એક પગલું આગળ વધતા ગયા. આજે મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પાંચમાં પુછાતા ગુજરાતીઓમાં હેમરાજભાઈનું નામ આવે.

મહારાષ્ટ્રમાં મરાઠી ભાષા-સાહિત્યને પ્રોત્સાહન આપવા માટેની સરકારી સંસ્થાઓ તો હોય જ. હિન્દી અને ઉર્દૂ માટેની પણ ખરી. તો ગુજરાતી માટેની કેમ નહિ ? હેમરાજભાઈએ આ માટે શાંત ઝુંબેશ ઉપાડી જેને પરિણામે સરકારે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીની સ્થાપના કરી. લગભગ વીસ વરસ સુધી તેના કાર્યાધ્યક્ષ-પદે રહીને હેમરાજભાઈએ અઢળક કામ કર્યું. અનેક કાર્યક્રમો તો કર્યા જ, પણ પુસ્તકો પ્રગટ કરવા માટે અનુદાન, ઉત્તમ પુસ્તકોને પુરસ્કાર, પુસ્તક ખરીદી માટે પુસ્તકાલયોને વાર્ષિક ગ્રાન્ટ વગેરે યોજનાઓ ઘડી અને સફળતાથી પાર પાડી.

મહારાષ્ટ્રમાં દર વરસે ‘મરાઠી ભાષા દિવસ’ ઊજવાય, તો ‘ગુજરાતી ભાષા દિવસ’ કેમ નહિ ? અર્વાચીનોમાં આદ્ય કવિ નર્મદના જન્મદિવસે, ૨૪મી ઑગસ્ટે, દર વરસે ‘ગુજરાતી ભાષા દિવસ’ ઊજવવાનું શરૂ કર્યું. એ નિમિત્તે સાહિત્યિક સમારંભ, પુસ્તક પ્રકાશન, સાહિત્ય ઉપરાંત કલાઓ, પત્રકારત્વ વગેરે ક્ષેત્રે કામ કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓ માટે પુરસ્કારો આપવાનું શરૂ કર્યું. તેમાં કવિ નર્મદ પુરસ્કાર તો બને ત્યાં સુધી ગુજરાતના કોઈ લેખકને આપવાનું ઠરાવ્યું. પહેલો પુરસ્કાર શ્રી રઘુવીર ચૌધરીને એનાયત થયો. તો સાથોસાથ એ જ દિવસે, મરાઠી સાહિત્યના એક લેખકને પણ પુરસ્કારથી નવાજવાનું શરૂ કર્યું. પહેલી વાર ‘ગુજરાતી ભાષા દિવસ’ ઊજવવાનું નક્કી થયું પછી તેની વિગતો અંગે ચર્ચા કરવા તેમની ઑફિસે ગયો. વાતવાતમાં કહ્યું કે આ બધા પુરસ્કારો આપવા માટે ‘ટ્રૉફી’ તો બનાવવી પડશે ને ! કશો જવાબ આપ્યા વિના ઊભા થયા, એક કબાટમાંથી ફાઈલ કાઢીને ટેબલ પર મૂકી અને કહે : આ રહી ટ્રૉફીની ડિઝાઈનો, બધી ટ્રૉફી કરવા આપી દીધી છે. ડિઝાઈનો સરસ હતી એટલે પૂછ્યું : ‘ડિઝાઈન કોણે તૈયાર કરી ?’ તો કહે : ‘જે. જે. સ્કૂલનો વિદ્યાર્થી આટલું તો કરી જ શકે ને !’ કાર્યાધ્યક્ષ થઈને આવું કામ કેમ કરાય, એવો છોછ બિલકુલ નહિ.

એમની વિચારવાની અને કામ કરવાની ઝડપ એટલી કે સાથેનો કે સામેનો માણસ થાકી જાય. ૮૧ વરસની ઉંમરે પણ એમનો તરવરાટ ૧૮ વરસના યુવક જેટલો. સતત કામ કરતો માણસ હંમેશાં સફળ જ થાય એવું તો ન બને. પણ હેમરાજભાઈ સફળ ન થાય કે ઓછા સફળ થાય તોય અફસોસમાં સમય ન બગાડે. કોઈ નવું કામ એટલી જ ધગશથી શરૂ કરે. બાવીસમી માર્ચે તેઓ ૮૨મા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે આપણે કહીએ કે હેમરાજભાઈ, આગળ વધો, અમે તમારી સાથે છીએ.

**– દીપક મહેતા**

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા અસ્મિતા વિશેષ સંવાદ વિશે આરંભના શબ્દો....

## (૧) કવિશ્રી રાજેન્દ્ર શુક્લ

ગુજરાત જેમને ગિરનારી-કવિ તરીકે ઓળખે છે તેવા કવિશ્રી રાજેન્દ્ર શુક્લ સાથે કરેલ દીર્ઘ સંવાદ ખળખળ વહેતાં ઝરણાંનું સ્મરણ કરાવે છે. કવિશ્રી પોતાની જીવનયાત્રા વિશે કહે છે કે :

મારા જીવનમાં બે વસ્તુ ભેગી થાય છે : લોકયાત્રા અને કાવ્યયાત્રા. કાવ્યયાત્રા અને લોકયાત્રા એ બંને મારા દાખલામાં તો એકસાથે ચાલી છે, સમાંતર અને એકબીજાથી સંલગ્ન એવી રીતે પણ ચાલી છે. નિયતિ જે હોય છે એ તમને એક દિશામાં ગતિ આપ્યા કરે છે અને એને અનુકૂળ બધું જ ગોઠવાયા કરે છે – આવું મેં આશ્ચર્ય સાથે અનુભવ્યું છે.

મને મારી નિયતિની ખબર ૧૪ વર્ષની ઉંમરે પડી હતી કે, મારે કવિ થવાનું છે. પણ, મને એ ખબર હતી કે કવિ થવું એ આપણે માનીએ એટલું સરળ નથી. એટલે મેં એવું નક્કી કરેલું કે વીસ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી હું કવિતા લખીશ નહીં. ત્યાં સુધી એના માટે સજ્જતા અર્જિત કરીશ. મારા મિત્રો કહે, ‘તું ગમે તે થઈ શકે, તારી વાણી આટલી સરસ છે, તર્ક છે તારામાં, તું સારો વકીલ થઈ શકે, ડૉક્ટર થઈ શકે.’ મેં કહ્યું, ‘ના, મને ખબર છે કે હું પ્રકૃતિથી બ્રાહ્મણ છું, વ્યવસાય તો કરવો જ પડે.’ બ્રાહ્મણ-વ્યવસાય જ મને અનુકૂળ આવે અને એ અધ્યયન-અધ્યાપનનો હોય એ મને સ્પષ્ટ હતું. મેં ૧૪થી ૨૦ વર્ષનો એટલે કે છ વર્ષનો ગાળો કવિ તરીકેની સજ્જતા કેળવવામાં જ મારું ધ્યાન આપ્યું અને એમાં મુખ્યત્વે વાંચન હોય. તો ૧૪ વર્ષની ઉંમરે મેં નવલકથા વાંચવાનું બંધ કર્યું. મને ખ્યાલ આવ્યો કે આમાં જેટલી ઊર્જા અપાઈ રહી છે એટલું વળતર નથી, એટલે મારે એ સિવાયનું વાંચવું જોઈએ. મને એવો ખ્યાલ આવી ગયો હતો કે પ્રથમાશ્રમમાં બે ઊંઘ ન કરાય. એક જ ઊંઘ કરાય. એટલે ઊંઘ ગમે ત્યારે ઊડી જાય પછી ફરી સુવાય જ નહીં એટલે તે ટેવને કારણે બાકીના સમયમાં વાંચવાનું જ રહે.

આઠમા ધોરણ સુધીમાં પ્રસિદ્ધ થયેલાં ભાષાશાસ્ત્રનાં બધાં જ પુસ્તકો જોયાં, પુરાતત્ત્વોનાં બધાં પુસ્તકો જોયાં, કૌટિલ્ય અર્થશાસ્ત્ર બે વાર વાંચ્યું હતું. એણે મને બહુ જ લાભ કર્યો છે. ખાસ કરીને એમની જે વિશ્લેષણાત્મક પદ્ધતિ, કોઈ પણ વસ્તુનું વિશ્લેષણ કરવાનું, સૂક્ષ્મતઃ સુધી જવાનું એ એબિલિટી, એમાં રહેલી તાર્કિકતા અને એનું નિરૂપણ એ બધું મને બહુ આકર્ષતું એટલે આઠમા ધોરણમાં મેં કૌટિલ્ય અર્થશાસ્ત્ર ગુજરાતી અનુવાદની મદદથી બે વાર વાંચ્યું. મને બહુ ગમ્યું. આમ વાંચવાનું કંઈ




સમજાય નહીં એવી રીતે મારી સાથે જોડાયેલું છે.

મારાં બા પ્રાથમિક શિક્ષક, મારાં બાનાં બા પણ પ્રાથમિક શિક્ષક. હવે એ લોકોને એ ગાળામાં તાલીમ લેવાની આવી હતી. તો એ વખતનો એ લોકોનો અભ્યાસક્રમ કેટલો સરસ હશે કે એ પુસ્તકો મારા હાથમાં આવી ગયાં !! ગુજરાતી ત્રીજું ધોરણ ભણતો હતો ત્યારે મેં ‘આપણી કવિતા સમૃદ્ધિ’માં બળવંતરાય ઠાકોરનું ટિપ્પણ વાંચેલું છે. એ વખતે ‘ભગવાન કૌટિલ્ય’ વાંચ્યું છે, એ વખતે મેં ‘ચિત્રાંગદા’ વાંચ્યું છે ! એ બધું મને આજેય યાદ છે.

મૂળ અમે લોકો ઝાલાવાડના ઔદીચ્ય સહસ્ર, દાદા ત્રિવેદી પણ પછી દાદાજીએ પાઠશાળા કરી એને કારણે અમે શુક્લ થયા. મારું પૈતૃક વતન વઢવાણ, મારું મોસાળ લખતર, મારાં બાનું મોસાળ લીમડી. તો એ ઝાલાવાડી બોલીનો જે વૈભવ હોય એ મને મળ્યો. મારો જન્મ બાંટવામાં, મારી બાનો જન્મ પણ બાંટવામાં, મારી બાનાં બાનો જન્મ પણ બાંટવામાં. આમ, આખું એક કુટુંબ એ સોરઠમાં આવ્યું અને સોરઠની બોલીનો પણ લાભ મળ્યો.

**(૨) ભીખુદાન ગઢવી**

જેમનું નામ લઈએ ત્યાં લોકસાહિત્યની ઓળખાણ મળે તેવા જીવનભરના કલાકાર અને ઘેઘૂર કંઠના મલિક શ્રી ભીખુદાન ગઢવી જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ત્યાં હાજર છે. તેઓશ્રી સાથે દીર્ઘ-સંવાદ કરતા હોઈએ ત્યારે કોઈ ગેબી અવાજ આપણને આપણી સંસ્કૃતિનું રસપાન કરાવતો હોય તેવો ભાસ થાય, એ નક્કી.

હું ચારણ જ્ઞાતિમાંથી આવું છું, ગઢવી સમાજમાંથી આવું છું. એટલે અમારા જિન્સમાં થોડું ગાવું, બોલવું એ બધું સહજ અમને મળેલું છે અને બીજું કે અમે પાંચ-પચ્ચીસ માણસો જ્યારે ઘરનો પ્રસંગ હોય, સગાઈ હોય, લગ્ન હોય કે ડાયરો બેઠો હોય એમાં કોઈ દુહા–છંદ ગાય, કોઈ ભજન ગાય, કોઈ લોકગીત ગાય – એ અમારી પ્રાચીન પરંપરા ચાલી આવે છે એમાંથી હું આવું છું. એટલે હું તો પહેલાંથી બધા મિત્રોની પાસે કોઈ એક ગીત ગાતો, કોઈ દુહા ગાતો એવું મારું બાળપણ હતું. પછી હું સ્કૂલમાં ગયો તો સ્કૂલમાં બાળસભા હોય તો, બાળસભામાં એમ કહે કે ભાઈ આ ગઢવી છે, એની પાસે આપણે એકાદું ગીત ગવડાવીએ તો, હું એવી રીતે ગીત ગાતો. ત્યારે વાત કરવાની મારી કોઈ શૈલી નહોતી. પણ હું ગીત ગાતો, લોકગીત ગાતો, ભજન ગાતો એવું બધું હું શરૂઆતમાં કરતો અને પછીથી ધીરે ધીરે પાંચ માણસોમાંથી પચાસ માણસો

થયા અને એવું લાગવા માંડ્યું કે બધા માણસોની વચ્ચે આ તો સારું ગાય છે અને સારું બોલે છે.

એમ કરતાં કરતાં હું આગળ આવ્યો; એટલું જ નહીં, પણ જ્યારે હું એસ.એસ.સી. પાસ થયો ને એચ.એસ.સી. નાપાસ થયો. રામજીભાઈ કરકર એ અમારા ઍડવૉકેટ હતા ત્યાં હું કલાર્કની નોકરી કરતો અને બહુ જાણીતા ગઝલકાર મનોજભાઈ ખંડેરિયા ત્યાં વકીલાત કરતા. એટલે અમે બંને સંવાદ કરતા. એ ગઝલોની વાત કરતા અને હું લોકસાહિત્યની વાતો કરતો. મારી ઉંમર વીસ વર્ષની થઈ ત્યારે સ્વામિનારાયણ ચોક, જૂનાગઢમાં એક લોકડાયરો હતો. એમાં પ્રાણભાઈ વ્યાસ હતા, દિવાળીબહેન ભીલ હતાં અને ત્રીજો હું હતો, એટલે વીસ વર્ષની ઉંમરે મને સ્ટેજ મળ્યું તે હવે માઇકમાં બોલું છું અને કાર્યક્રમ આપું છું. પણ એની પહેલાં પ્રાણભાઈ અને દિવાળીબહેન ભીલની સાથે હું જતો ત્યારે કંઈ માઇકની વ્યવસ્થા નહોતી. ગામડામાં ચોરે ગાદલાં પાથરી આપે. આખું ગામ ભાઈઓ, બહેનો, વડીલો બધા સામે ગોઠવાઈ જાય. પ્રાણભાઈ ભજન ગાય, હું વાતો કરું અને દિવાળીબહેન લોકગીત ગાય. એવી પરિસ્થિતિમાંથી ધીમે ધીમે માઇકની વ્યવસ્થા થઈ. પછી અમે આમ કાર્યક્રમ આપવા જઈએ તો અમને કાર્યક્રમમાં બોલાવે એ જ પુરસ્કાર હતો, કારણ કે અમારા વખતે તે સમયે પુરસ્કાર હતો નહીં, માણસો પાસે કંઈ પૈસા હતા નહીં કે અમને પૈસા આપે. પણ એ લોકો અમને બોલાવે એ અમારો પુરસ્કાર અને અમને સાંભળે એ બીજો મોટો પુરસ્કાર.!!




**– સંકલન : ભદ્રાયુ વછરાજાની**

---

## ઑનલાઇન વિશ્વકોશ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના 'ગુજરાતી વિશ્વકોશ'ના ૧થી ૨૫ ગ્રંથોને ઑનલાઇન મૂકવાના પ્રયાસનો જુદાં જુદાં માધ્યમોમાં સવિસ્તર હેવાલ પ્રગટ થયો. એ અંગે મુંબઈના 'મિડ-ડે'માં શૈલેશ નાયકે ઑનલાઇન મૂકવાની સમગ્ર પ્રક્રિયાનો ખ્યાલ આપતો 'ગુજરાતી ભાષામાં વિશ્વની બારી ખોલી આ ઑનલાઇન વિશ્વકોશે' લેખ લખ્યો હતો. અન્ય વર્તમાનપત્રો અને સામયિકોએ પણ એનો વિસ્તૃત હેવાલ આપ્યો હતો. TV9 દ્વારા વિશ્વકોશની પ્રવૃત્તિને દર્શાવતી મુલાકાત ચિરાગ શાહે લીધી હતી. આ અંગે દેશ-વિદેશના ગુજરાતીભાષીઓના પ્રોત્સાહક સંદેશાઓ પ્રાપ્ત થયા. આ કાર્યમાં ભીખેશ ભટ્ટ અને રમેશ તન્ના જેવા યુવા પત્રકારોનો પણ સહયોગ પ્રાપ્ત થયો.

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા અસ્મિતા વિશેષ સંવાદમાં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ

◈ **૧૬ માર્ચ, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી રાજેન્દ્ર શુક્લ (સમયમર્યાદા : ૨ કલાક, ૧૫ મિનિટ)

◈ **૩૦ માર્ચ, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી ભીખુદાન ગઢવી (સમયમર્યાદા : ૧ કલાક, ૩૮ મિનિટ)

### કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ સંસ્કાર, શિક્ષણ અને સાહિત્ય વ્યાખ્યાનશ્રેણી

◈ **૯ માર્ચ, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : છોડો આજની શિક્ષણપદ્ધતિ
વક્તા : શ્રી ભદ્રાયુ વછરાજાની

### શ્રી મનસુખભાઈ મેદાણી પ્રેરિત સ્વાસ્થ્ય-યોગ વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૨ માર્ચ, ૨૦૨૨, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : આપણી વર્તમાન જીવનશૈલી અને સ્વાસ્થ્યની સંભાળ
વક્તા : કર્નલ ડૉ. યશવંત જોશી

### અન્ય

◈ **૮ માર્ચ, ૨૦૨૨, મંગળવાર : સાંજના ૫-૩૦**
વિષય : નારીવાદ : નવા સંદર્ભો અને નવી દિશાઓ
વક્તા : રંજના હરીશ

શ્રદ્ધા ત્રિવેદીલિખિત 'વિશ્વકોશની ગ્રંથયાત્રા' અને પ્રીતિ શાહલિખિત 'મારો અવાજ' પુસ્તકોનું વિમોચન

### આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક અર્પણ સમારોહ

◈ **૨૭ માર્ચ, ૨૦૨૨, રવિવાર : સવારે ૧૦-૦૦ વાગ્યે**

સંસ્કૃત, પ્રાકૃત અને મધ્યકાલીન સાહિત્યના સંશોધનાત્મક ગ્રંથોના રચયિતા તેમજ અનુસંધાન સામયિકના સંપાદક વિદ્વાન આચાર્યશ્રી શીલચંદ્રવિજયજીની નિશ્રામાં ૨૦૨૧નો આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક પ્રા. રાજેશભાઈ પંડ્યાને અર્પણ કરવામાં આવશે.


### આસ્વાદ

◈ **૨૦ માર્ચ, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૦૦થી ૧૨-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં અંગ્રેજી-ગુજરાતીનાં કવયિત્રી અને સંવેદનશીલ સમાજસેવી ડૉ. પ્રતિષ્ઠા પંડ્યા 'કવિતાથી શું વળે ?' તે વિશે વક્તવ્ય આપશે.



સંસ્કૃતિપુરુષશ્રી લાભશંકર પુરોહિત સાથે નિસર્ગ આહીરનો
'સાહિત્ય, સંસ્કૃતિ અને લોકપરંપરા' વિશે સંવાદ



'વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનાં ચશ્માંથી
હવે પછીનું વિશ્વ' વિશે ચિંતન ભટ્ટ



'પડછાયાના પ્રેમમાં પડેલો ચિત્રકાર
કારાવાજિયો' વિશે અમિતાભ મડિયા

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. at Ahd PSO On 5th every month.

## હવે ઑનલાઇન ઉપલબ્ધ છે
### ગુજરાતી ભાષાના સર્વપ્રથમ વિશ્વકોશ એવા
### ગુજરાતી વિશ્વકોશના ૧થી ૨૫ ગ્રંથો

- અત્યારે ઑનલાઈન વિશ્વકોશમાં વિશ્વકોશનાં ૨૬,૦૦૦ પૃષ્ઠોમાં સમાવેશ પામેલાં ૨૪,૦૮૩ લખાણો(અધિકરણો)નો સમાવેશ થાય છે અને એની અત્યારે કુલ શબ્દસંખ્યા એક કરોડ, ત્રાણું લાખ, પચાસ હજારની છે. અત્યારે ઑનલાઈન વિશ્વકોશ અપડેટ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે અને તેની સાથોસાથ નવાં લખાણો પણ ઉમેરાઈ રહ્યાં છે.
- ઑનલાઈન વિશ્વકોશ ખૂબ ઝડપથી વિશ્વભરના ગુજરાતી ભાષીઓ સુધી પહોંચી રહ્યો છે. આ વિશ્વકોશમાં (૧) વિષય પ્રમાણે, (૨) લેખકના નામ પ્રમાણે અને (૩) અધિકરણના નામ – એમ ત્રણમાંથી કોઈ પણ રીતે સર્ચ થઈ શકે છે.
- આપ કમ્પ્યૂટર અને મોબાઈલ એ ત્રણેમાં વિશ્વકોશનાં અધિકરણો જોઈ શકશો.
- આ માટે આપ https://gujarativishwakosh.org લખશો.
- ભારત, અમેરિકા, ઈંગ્લૅન્ડ, ફ્રાન્સ, સિંગાપોર જેવા વિશ્વના જુદા જુદા દેશોના લાખો લોકોએ ઑનલાઈન વિશ્વકોશમાંથી માહિતી પ્રાપ્ત કરી છે.